


॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ॥

# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

વર્ષ ૪ ]  એપ્રિલ ૧૯૮૫  [ અંક ૨

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણુનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર-કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


સરનામું :
**કે. એન. પરીખ**
**મેદનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,**
**અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)**
**ફોન : ૬૭૯૯૭**

**કે. એન. પરીખ**
**મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૪] • એપ્રિલ : ૧૯૮૫ • [ અંક ૨જો

## અનુક્રમણિકા


૧. ગુરુપૂજા અને મંત્રદીક્ષા ... ... ૩

૨. અખંડ ભક્તિની યાચના ... ... ૮

૩. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં ... ૯

૪. જ્ઞાનગોષ્ઠિ ... ... ૧૫

૫. આત્મગુંજન–૫ ડૉ. કાન્તિલાલ કાલાણી ૧૮

૬. શ્રી માની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષથી કડવાશને ઓગાળી અસ્તિત્વને પવિત્ર ને નિર્મળ બનાવીએ! ... ૨૧

૭. ઉપાસનાના સરળ માર્ગો ... ... ૨૫

૮. સમાચાર ... ... ... ૩૦

૯. પૂજ્ય ગુરુદેવના અમેરિકાના કાર્યયજ્ઞની વિગત ... ૩૧



આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

☐

વાર્ષિક લવાજમ
રૂપિયા દશ

☐

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦૦૧૬

☐

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧


Scanned by CamScanner



આધ્યાત્મિક કેડી
એપ્રિલ : ૧૯૮૫
□

# ગુરુપૂજા અને મંત્રદીક્ષા

ગુરુની પરંપરા આપણે ત્યાં પરાપૂર્વથી – ઋષિમુનિઓના કાળથી અસ્તિત્વમાં આવેલી છે. વિદ્યાર્થી ઋષિના આશ્રમમાં રહીને જ વિદ્યાભ્યાસ કરતો. વિદ્યાર્થી તેની વિદ્યા પ્રાપ્ત કરવામાં પૂરેપૂરો પારંગત થાય ને ઋષિની પરીક્ષામાં તે પૂરેપૂરો સફળ થાય પછી જ તેને પોતાના જીવનમાં આગળ વધવાની ગુરુની આજ્ઞા મળતી. ઋષિઓ વિદ્યાર્થીઓને અનેક રીતે જ્ઞાન આપતા. આશ્રમની વિદ્યાપ્રાપ્તિ કેવળ વેદશાસ્ત્રો પૂરતી જ મર્યાદિત નહોતી, જીવન, સંસાર ને વ્યવહારનું બહોળું જ્ઞાન પણ પ્રાપ્ત થતું. એટલું જ નહીં, ગુરુની અનેક રીતે સેવા–સુશ્રુષા કરીને, તપશ્ચર્યા કરીને ચોક્કસ સજ્જતા, જ્ઞાન, યોગ્યતા મેળવતા ને આશ્રમમાંથી પાછા ફરતા. આ પરંપરા આપણને સૌને સુવિદિત છે જ. એ ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિકતાની પરમ ને ચરમ અવસ્થા છે. આધ્યાત્મિકતાની જેમ ગુરુની પરંપરાનું પણ અવમૂલ્યન અને અવગણના થતાં રહ્યાં છે. ઈશ્વરના અસ્તિત્વ વિશે જેમ અનેક વિવાદો સર્જાતા રહ્યા છે, તેમ ગુરુની પરંપરા વિશે પણ અનેક વિવાદો ને વિતંડાવાદ સર્જાતા રહ્યા છે. એના પર સત્ય હકીકતોનો પ્રકાશ પાથરવો આવશ્યક છે. ગુરુપ્રણાલીના મૂળભૂત રહસ્યને જોવા–સમજવાનું વિશેષ ઉચિત લાગે છે. એ પ્રણાલીના ઊંડાણને, તથ્યને સમજવાનો પ્રયાસ કરવો જરૂરી લાગે છે.

જો કે ગુરુના નામે અને પદે આજે અનેક ધતિંગો–ગેરરીતિઓ આચરાતાં જોવા મળે છે, તેથી ગુરુ–પરંપરા પ્રત્યે એક વિવાદ જાગે, ઊહાપોહ થાય તે સ્થિતિ પણ સમજી શકાય તેમ છે. પણ દરેકમાં અપવાદ હોય એટલે એ અપવાદોમાંથી સાર ગ્રહણ કરીને, વિવેકબુદ્ધિપૂર્વક ગુરુની પરંપરાનો સ્વીકાર કરી મૂલવવાનો પ્રયત્ન કરવો જોઈએ, જે વિશેષ આવકારદાયક છે.

ત્યારે ગુરુ એટલે કોણ એવો પ્રશ્ન સહેજે થાય.

ગુરુ એટલે લોકોત્તર – સર્વ સામાન્ય જનથી સર્વ રીતે ઉચ્ચ–ઉત્તમ, વિલક્ષણ ને વિશેષ એવો પુરુષ, વિરલ વિભૂતિ, વિશિષ્ટ વ્યક્તિ, જેનામાં સાક્ષાત્ પરમાત્મા બિરાજેલ છે તે. ત્યારે કદાચ બીજો પ્રશ્ન એ થાય કે પરમાત્મા તો દરેકમાં રહેલો છે. આત્મા સો પરમાત્મા. તો દરેક વ્યક્તિ ગુરુ ન કહેવાય? ગુરુ ન બની શકે? બની શકે. એ કઈ રીતે તે આગળ સમજાવ્યું છે. પણ અત્રે જે અભિપ્રેત છે તે એ કે જેણે પોતાના આત્મામાં રહેલા પરમાત્માનાં સાક્ષાત્ રૂપે–પ્રગટ રૂપે દર્શન કર્યાં છે, જેણે આત્મદર્શન–આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યાં છે તે. એટલું જ નહીં, ગુરુ એટલે એવી વ્યક્તિ કે જેણે



Scanned by CamScanner

પોતાનામાં સર્વ સદ્‌ગુણોને સંપન્ન કર્યા છે, જે જિતેન્દ્રિય છે, જેણે શરીર ને મનનાં સઘળાં વિકારો ને વાસનાઓનો પરિત્યાગ કરીને તેના પર વિજય મેળવ્યો છે, જેણે પરમ તત્ત્વના પોતાને ઇષ્ટ એવા સ્વરૂપની ઉપાસના આદરીને તે સ્વરૂપનો-પરબ્રહ્મનો સાક્ષાત્કાર મેળવ્યો છે, ભવ્ય અને દિવ્ય એવા પરમતત્ત્વના ગુણોને પોતાના અસ્તિત્વમાં એકાકાર-આત્મસાત્ કરી લીધા છે, જેણે જીવન, જગત ને સંસારનાં સઘળાં રહસ્યોનો તાગ મેળવી લીધો છે, જે રહસ્યોનું નિદર્શન-માર્ગદર્શન જગત સમક્ષ-લોકો સમક્ષ ધરી શકે છે એવો પૂર્ણ પુરુષ. જેમણે દિવ્ય અને ભવ્ય એવી ઈશ્વરીય લીલાઓનો પાર પામી લીધો છે તેવી જ વ્યક્તિઓ ગુરુપદના અધિકારી બની શકે છે ને જગતનાં માનવીઓનો ઉદ્ધાર કરી શકે છે. માનવીને સ્વ-કર્તવ્યની કેડીનું નિદર્શન કરીને આત્મવિકાસને માર્ગે વાળે છે. ગુરુપદનું આ એક ઉદાર, ઉદાત્ત ને ઉત્તમ કર્તવ્ય છે, જે જગત માટે વંદ્ય ને આદરણીય છે. એટલે જે તે વ્યક્તિની વિલક્ષણતાને-વિશિષ્ટતાને ઉત્તમતાને-આવકારીને ગ્રહણ કરવાની છે. ગુરુ-પરંપરાનું આ એક મુખ્ય હાર્દ-રહસ્ય છે.

ગુરુ-શિષ્યની પરંપરાનો આવિર્ભાવ આપણને શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનમાં સરસ રીતે જોવા મળે છે. તેમનામાં ગુરુ-શિષ્યનો એક આદર્શ, એક સ્પષ્ટ વિભાવના ચરિતાર્થ થતાં જોવા મળે છે. રણસંગ્રામમાં કૃષ્ણે અર્જુનને સત્ય, સનાતન, પવિત્ર ને સાત્ત્વિક જ્ઞાનનો બોધ આપ્યો, યુદ્ધમાં પ્રેર્યો અને સ્વ-કર્તવ્યનું ભાન કરાવ્યું, તેનું શ્રેય ને પ્રેય સમજાવ્યું, વિવેકભાન જગાડ્યું. ગુરુનું આ કર્તવ્ય છે. આ જગતમાં દેહ ધારણ કરીને આવતાં જ મનુષ્યને સ્વકર્તવ્યનું વિસ્મરણ થાય છે. જીવન ને સંસારની મોહમાયામમતામાં આવતો માનવી મોટે ભાગે એક યા અન્ય વિષે અર્જુનની જેમ કિંકર્તવ્યમૂઢ દશાનો અનુભવ કરે છે ત્યારે કૃષ્ણ ભગવાન માત્ર અર્જુનને જ નહીં, પણ જગત સમસ્તનાં માનવીને પોતાને શરણે આવવા કહે છે. પોતાની દિવ્ય લીલા અને ગુણોનાં ગાન, ધ્યાન, મનન, ચિંતન માટે પોતાના દૂતોને-સંદેશગ્રાહકોને પૃથ્વી પર મોકલે છે. તેઓ ઈશ્વરીય લીલાઓનું જગતને દર્શન કરાવે છે.

જીવનમાં ગુરુ પ્રાપ્ત થવા જેટલી મહાન ઘટના બીજી કોઈ ન હોઈ શકે. પણ એટલેથી જ કાર્ય પતતું નથી. ગુરુપ્રાપ્તિ પછી કોઈપણ મનુષ્ય કે ઉપાસકનું એક નવું જીવન, નવી આચારસંહિતાનો પ્રારંભ થાય છે. એનું મહત્ત્વ અદકેરું છે. ગુરુપ્રાપ્તિ ને ગુરુપૂજા વિશાળ અર્થમાં લેવાની છે. કુમકુમ, અક્ષત (ચોખા), પુષ્પ ને આરતીથી કરાતી પૂજા એ કેવળ સ્થૂળ પૂજા છે. એ કેવળ એક બાહ્ય પ્રક્રિયા, વિધિવિધાન છે. આપણે એ બાહ્ય પ્રક્રિયામાંથી બહાર નીકળી આંતર ગૂઢતાને, તેની સૂક્ષ્મતાને, તેના હાર્દને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. સર્વસામાન્ય મનુષ્યો-ઉપાસકોને માર્ગદર્શક નીવડે એ આશયથી અત્રે કેટલાક પ્રશ્નોત્તરો રજૂ કરીએ છીએ, એમાંથી દરેકને કોઈ ને કોઈ પ્રેરણા પ્રાપ્ત થશે જ એવી આશા છે.

## (૧) ગુરુ મેળવવા શું કરવું ? ગુરુ ક્યારે મળે ?

સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી કોઈપણ પ્રકારની અપેક્ષા વિના નિરંતર પરમતત્ત્વની-પરમાત્માની-પોતપોતાને ઈષ્ટ દેવ-દેવીની ઉપાસના કર્યા કરવાથી ઈશ્વર સાધકને આપમેળે જ યથાયોગ્ય સમયે, જરૂર પડ્યે, ગુરુ પ્રાપ્ત કરાવી આપે છે. ગુરુ પ્રાપ્ત થવાનો કોઈ નિશ્ચિત સમય નથી.

નિર્ગુણ નિરાકાર બ્રહ્મ સાથે માનસિક તાદાત્મ્ય સાધીને સાધક કેવળ બ્રહ્મને પણ ગુરુપદે સ્થાપી શકે છે.



Scanned by CamScanner

માનવી પોતે પણ પોતાનો ગુરુ થઈ શકે છે. કઈ રીતે? શ્રદ્ધા અને શરણાગતિથી જેમ જેમ નિરંતર ભક્તિ કરતાં જઈશું તેમ તેમ આપણે મનથી પ્રભુની સંનિકટ પહોંચી શકીશું. તેની સાથે એક નાતો-સમ્બન્ધ બંધાતો જશે. આપણા મનના સઘળા વ્યાપારો-સ્પંદનો તેનામય થતાં જશે. આ એક ખૂબ જ સૂક્ષ્મ પ્રક્રિયા છે, જે કેવળ અનુભવે જ સમજાય છે. એટલે તેનામય થતાં, તેની સાથે માનસિક અનુસન્ધાન સધાતાં જીવનવ્યવહારમાં આપણને કોઈક દોરવતું હોય, રસ્તો દેખાડતું હોય તેવો અનુભવ થાય છે. દરેકના આત્મામાં પરમાત્મા રહેલો છે. તેને જાગ્રત કરી તેની સાથે અનુસન્ધાન સાધી શકાય તો પ્રભુ સ્વયં અને પ્રભુ જ્યાં બિરાજમાન છે તે આપણો આત્મા એટલે કે આપણે ખુદ આપણા ગુરુ બની શકીએ છીએ.

## (૨) ગુરુમંત્ર એટલે શું?

ગુરુદેવે જે મંત્રને સિદ્ધ કર્યો છે તે.

## (૩) મંત્રદીક્ષા એટલે શું?

ગુરુદેવે જે મંત્ર સિદ્ધ કર્યો છે તે મંત્રની સિદ્ધિનાં આંદોલનો, પ્રવાહને ગુરુની વાણી દ્વારા ઝીલીને અપનાવવો ને આચરણમાં મૂકવો તેને મંત્રદીક્ષા કહેવામાં આવે છે.

## (૪) ગુરુમંત્ર લેવો જરૂરી છે?

ગુરુમંત્ર લેવો કે નહીં, તે દરેક વ્યક્તિનો પોતાનો સવાલ છે. દરેકની પસંદગી, રુચિ ને માન્યતા પર તેનો બહુ મોટો આધાર રહેલો છે.

પણ, એક વાત સ્પષ્ટ લાગે છે કે, આપણા કોઈ પણ ઇષ્ટ દેવ-દેવીનું નામસ્મરણ કે જપ કરવાથી માનવીની માનસિક ને શારીરિક શક્તિ કેળવાય છે. વૈચારિક શક્તિને એક પ્રકારનું પોષણ મળે છે, જેનાથી માનવીના વિચારો ઉત્તમ, ઉદાત્ત ને ઉદાર બને છે. જેમ માનવીને હવા, પાણી ને ખોરાકની મૂળભૂત જરૂરિયાત છે, તેમ ઇષ્ટનું નામસ્મરણ ને જપ પણ માનવીની માનસિક સ્વસ્થતા માટે જરૂરી બની રહે છે. એ પ્રત્યે માનવી વધતું-ઓછું લક્ષ આપે કે દુર્લક્ષ સેવે તે જુદી વાત છે, પણ નામસ્મરણ ને જપથી માનવીના મન, વચન ને કર્મમાં આપોઆપ સાત્ત્વિકતા, પવિત્રતા ને નિર્મળતાનો આવિર્ભાવ થવા માંડે છે, કેટલાંક એને વહેલાં સિદ્ધ કરી શકે છે, કેટલાંક મોડાં, પણ વધતે-ઓછે અંશે માનવીને તે પવિત્ર ને સાત્ત્વિક બનાવે જ છે, તે નિઃશંક છે.

પણ બને છે એવું કે, તેના પર ધ્યાન ઓછું અપાય છે. માનવી જીવન ને સંસારની પળોજણમાં અટવાય છે ને ગુરુ ને મંત્રદીક્ષા પ્રાપ્ત કર્યાના કેવળ સ્થૂળ સ્વીકારથી જાતને કૃતાર્થ માનીને ફરે છે ને તેને જ પોતાના જીવનની ઇતિશ્રી માને છે પણ તે બરાબર નથી. મનુષ્યની-સાધકની ફરજ અને જવાબદારી મંત્રદીક્ષાને ચરિતાર્થ કરવાની, એને અનુસરવાની ને અનુકૂળ થવાની બની રહે છે.

જ્યારે કોઈક સિદ્ધ ગુરુ દ્વારા મંત્રદીક્ષા પ્રાપ્ત કરાય છે ત્યારે તેમની સિદ્ધિ ને શક્તિ, તેમની સાત્ત્વિકતા ને પવિત્રતાનો સંસ્પર્શ આપણને થતાં કોઈક અલૌકિક આનન્દનો અનુભવ થઈ ને એક અનેરા ભાવાવેશથી આપણે ઈશ્વર પ્રતિ વળીએ છીએ.

શ્રદ્ધા અને શરણાગતિ એ કોઈ પણ ઉપાસનાનો પાયો છે. જ્યારે આપણે કોઈક ગુરુ દ્વારા મંત્ર-દીક્ષા પ્રાપ્ત કરીએ છીએ ત્યારે તેમના આદેશ અને માર્ગદર્શન આપણને વિશિષ્ટરૂપે સહાયભૂત બને છે.



Scanned by CamScanner

કોઈ પણ મનુષ્ય કે સાધક માટે ગુરુનું વચન મંત્રરૂપ બની રહે છે. ગમે તે સંજોગોમાં પણ શ્રદ્ધા–નિષ્ઠા–પ્રેમપૂર્વક એને વળગી રહેવાથી ગુરુકૃપા પ્રાપ્ત કરી શકાય છે. જીવનનું શ્રેય ને પ્રેય ઉભય ગુરુનાં વચનોમાં સમાયેલાં દેખાય છે. મંત્રમૂલં ગુરોર્વાક્યમ્ – ગુરુનું વચન સઘળા મંત્રોનું મૂળ છે. એટલે કેવળ મંત્ર જપવાથી કે લેવાથી વાત પૂરી થઈ જતી નથી. ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલ મંત્રના જપ ઉપરાંત ગુરુનાં વચનોનું કડક પાલન પણ એટલું જ જરૂરી બની રહે છે. ત્યાં આપણી ઇચ્છા–અનિચ્છાનો પરિહાર કરવાનો રહે છે. મંત્રદીક્ષાનું સાચું ને મૂળ રહસ્ય આ છે, તે આપણે સૌએ ધ્યાનમાં રાખવાનું છે.

બાકી, શ્રદ્ધા અને શરણાગતિથી કોઈ પણ પ્રકારનાં વિધિવિધાન કે બાહ્ય પળોજણોમાં પડયા વિના, નિરપેક્ષતાથી નામસ્મરણ કે મંત્ર જપવા માંડીએ તો ગુરુમંત્રની એટલી બધી આવશ્યકતા નથી રહેતી.

## (૫) ગુરુમંત્ર લેવા માટે શું શું સાથે લાવવું જરૂરી છે?

એવો પ્રશ્ન અનેકવાર પુછાય છે. અનન્ય શ્રદ્ધા અને શરણાગતિની સાથે નિર્મળ હૃદય અને નિખાલસ હાસ્ય.

## (૬) ગુરુમંત્ર અમારાથી લઈ શકાય?

એવા પ્રશ્નો અનેક ભાઈબહેનો પૂછે છે.

સર્વ ભાઈ–બહેનોને જણાવવાનું કે, ગુરુમંત્ર ગમે તે વ્યક્તિ લઈ શકે છે. ગુરુ એ માનવીના આધ્યાત્મિક જનેતા છે. જગતનાં સૌ મનુષ્યો તેનાં સંતાન છે. તેથી સૌ કોઈ વ્યક્તિને ન્યાત, જાત ધર્મ કે સમ્પ્રદાયનાં બન્ધન વિના તે જનેતાને શરણે–છત્રછાયામાં આવવાનો અધિકાર છે.

ગુરુમંત્ર લેવા માટે ગુરુદેવના સંનિષ્ઠ શિષ્ય બનવાની યોગ્યતા કેળવવી પડે. મન, વચન ને કર્મથી પવિત્ર રહેવાની યોગ્યતા કેળવવાથી ગુરુદેવના સંનિષ્ઠ શિષ્ય ને પ્રીતિપાત્ર બની શકાય છે.

કોઈપણ વ્યક્તિ માટે મન દ્વારા ઇર્ષ્યા, દ્વેષ કે વેરભાવ રાખવો નહીં. અનૈતિક વિચાર કરવા નહીં કે આચરણ કરવું નહીં. મનમાં સર્વ માટે સમભાવ, સહિષ્ણુતા, સમતા ધારણ કરવાં.

કોઈપણ વ્યક્તિનું અંગત, સામાજિક, કૌટુંબિક કે આર્થિક રીતે અહિત થાય તેવું બોલવું કે કરવું નહીં. સૌનું હિત સધાય, સૌને શાંતિ મળે, સમાધાન થાય તેવાં વાણી–વર્તન કેળવવાં. વિશ્વબંધુત્વની ભાવના કેળવવી. પ્રાણીમાત્ર–જીવમાત્રની રક્ષા કરવી. પરદુઃખભંજક બનવા યથાશક્તિ–અતિ પ્રયત્ન કરવો.

ગાયત્રી–મહામંત્રની ત્રણ માળાને અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેવી.

જેઓ આ નિયમ ન સાચવી શકતાં હોય તેઓએ ગુરુમંત્ર ન લેતાં નિયમિત મંત્રજપ કરવાની આદત પાડયા પછી જ ગુરુમંત્ર લેવો.

ગુરુદેવના આદર્શો અને કાર્યોને જીવનમાં ઊતારવા પ્રયત્નશીલ રહેવાથી ગુરુમંત્રને અને ગુરુકૃપાશિષને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકાય છે.



Scanned by CamScanner

ગુરુની પૂજા અને ગુરુની અંતર્દીક્ષા ગ્રહણ કરવા તન, મન, પ્રાણ ને સમગ્ર અસ્તિત્વના વલોવણાનો પ્રશ્ન છે. દાળના ચડી ગયેલા દાણાને વલોવણથી વલોવવાથી દાળ એકરસ થાય છે, એમાં મસાલો નાખવાથી એ ખાદ્ય ( ખાઈ શકાય એવી ) વાનગી બને છે, તેમ આ જીવનને પણ સાત્વિક ગુણોથી વલોવવાથી તેમ જ ગુરુકૃપા ને આશિષનો મસાલો ભેળવવાથી જીવન ભોગ્ય, જીવંત ને સુવાસિત બની શકે છે.

આપણે આજથી જ પ્રારંભ કરીએ.

❑

---


મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

**❁ શ્રી અંબિકા સુગર ટ્રેડીંગ કું.**

**❁ શ્રી કૃષ્ણા સુગર એન્ડ ઓઈલ ડેપો**

**❁ શ્રી જય જલારામ સુગર સેન્ટર**

**હોલસેલ સુગર એન્ડ ઓઈલ મરચન્ટ**

ઠે. અલાયાવાડી, માલી ફળિયા, સુરત.

સૌજન્ય : શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડેપો ( હોલસેલ વિભાગ )
શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર ( છૂટક વિભાગ )

ફોન નંબર : ઓફિસ : ૨૯૧૯૪, ૩૬૩૦૬, ૨૩૮૪૯ * ઘર : ૨૭૯૧૨, ૩૩૬૭૦, ૨૪૦૪૧

---

'ૐ ગુરુકૃપાહિ કેવલમ્'

મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય શાસ્ત્રીજીના આશીર્વાદ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો.

**શ્રી અંબિકા ટેક્ષટાઈલ્સ**

**શ્રી અંબિકા કેમીકલ ઈન્ડેસ્ટ્રીઝ**

**પ્રો. ઠાકોરદાસ છગનલાલ ચાહવાળા**

૪/૧૩૭, હરિપુરા, પીરછડી રોડ, સુરત–૩

**કપડાં ધોવાના સાબુ, વોશીંગ પાવડર તથા પાવડર બનાવવાના કેમીકલ્સ**
**તેમજ કોપરેલ, દીવેલના હોલસેલ ડીલર**

ફોન : ઘર : ઓફિસ : ૨૪૦૪૧, ૨૩૬૪૮; ❑ ફેક્ટરી : ૩૧૧૦૧




Scanned by CamScanner

# અખંડ ભક્તિની યાચના

જીવનમાં ઈષ્ટની કે મા ગાયત્રીની આરાધના કરતાં કરતાં સર્વ મનોકામનાઓ–અપેક્ષાઓ–આકાંક્ષાઓ શમી જાય ત્યારે હૃદયની નિજી શ્રદ્ધા અને શરણાગતિ એક વિશેષરૂપે પ્રબળ બની ઊઠે છે અને ચિત્તના સર્વ વ્યાપારો કેવળ ઈષ્ટના સ્મરણમાં, તેની તાલાવેલી, ઉત્કંઠા, ઉત્સુકતા અને ઝંખનાને અભિમુખ બની રહે છે. ઈષ્ટનું કે મા ગાયત્રીનું સ્વરૂપ જોવા ચિત્ત તલસી ઊઠે છે. એમ તો કંઈ કોઈને દર્શન થઈ શકતું નથી. એ દુષ્કર પણ છે ને સહજ પણ છે. પણ એમાં વ્યક્તિનાં પૂર્વભવનાં સંચિત્ કર્મો ભાગ ભજવી રહે છે. માનવીનું પ્રારબ્ધ આડે આવીને ઊભું રહે છે ને સાધકને સ્વપ્નમાં કે ધ્યાનમાં પોતાના ઈષ્ટ આરાધ્ય તત્ત્વની કે ગુરુની અનેકવિધ રીતે ઝાંખી થાય છે.

અત્રે પ્રસ્તુત કરેલી એક નાનકડી ઘટના આ હકીકતને કેટલી સુપેરે પ્રગટ કરી આપે છે!

પૂ. ગુરુદેવની 'એક શિષ્યા'એ સ્વાનુભવ વર્ણવતાં જણાવ્યું છે :

" પૂ. ગુરુજી,

સાદર પ્રણામ. છેલ્લા ચાર દિવસથી આપનો ચરણસ્પર્શ થયો નહોતો, તેથી મન ખૂબ જ વ્યગ્ર હતું. કાલે સવારે પૂજા કરતી વખતે ખૂબ જ વ્યગ્ર થઈ ગઈ હતી. આજે સવારે લગભગ ૩–૩૦ થી ૪ના સમય દરમ્યાન હું આપની છબી સમક્ષ ધ્યાનમાં બેઠી હતી, પછી મારાથી બૂમ પડાઈ ગઈ–'ગાયત્રી માતકી જે, ગુરુદેવકી જે!' આમ ખૂબ જ ઊંચા અવાજે બોલતી હતી. પછી નિત્યક્રમ પ્રમાણે વારાફરતી હું આપને પગે લાગવા આવી. પરંતુ આપની જગ્યાએ ગાયત્રી માતાનું વિરાટ સ્વરૂપ દેખાયું. મેં નજર કરી એટલે એકદમ નાનું સ્વરૂપ થયું અને એમના પોચા, નાના તેમ જ સફેદ હાથ લંબાવી મારો જમણો હાથ એમના હાથમાં લઈ કહ્યું : 'શું જોઈએ છે?' મેં કહ્યું : 'આપની ભક્તિ અખંડ કરતી રહું તેવા આશિષ આપો.'

ગુરુજી, હજી પણ માનું સ્વરૂપ જ દેખાય છે.

આપ તથા ગાયત્રી મા મને આશીર્વાદ આપો કે ભક્તિ વધુ ને વધુ ઉચ્ચ કક્ષાએ પહોંચતી જાય.

લિ. આપની શિષ્યા "

* * *


કેવળ નિષ્કામ–નિરપેક્ષ ભાવે, મા–બાળકનો સમ્બન્ધ કેળવી ઉપાસના કરવાનો ગુરુદેવ જે અનુરોધ કે ઉપદેશ કરે છે તેની ચરિતાર્થતા કે સાર્થકતા તેમ જ યથાતથતા પ્રસ્તુત પ્રસંગમાં અનુભવાય છે.

☐



Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



ગુરુદેવને ઊઠવાની થોડીવાર હતી ત્યાં જ પ્રૌઢાવસ્થાએ પહોંચેલા લાગતા એક મુરબ્બીએ કૂટીરમાં પ્રવેશ કર્યો. ગુરુદેવને પ્રણામ કરી તેમણે પોતાની બેઠક લીધી. ગુરુદેવે આશીર્વાદ આપી તેમના ખબરઅંતર પૂછ્યાં. કૂટીરમાં બેઠેલાં ભાઈ-બહેનોમાં ઉપાસના અંગે જ થોડીક હળવી વાતો થઈ રહી હતી. ગુરુદેવ મૌન રહી નિજાનંદની મસ્તીમાં લીન બનીને બેઠા હતા, ત્યાં હળવેકથી પેલા આગન્તુક ભાઈએ ગુરુદેવને કહ્યું, 'ગુરુદેવ, માની કૃપા તો છે જ, આપના આશીર્વાદ પણ છે, આપના કહેવા મુજબ જપ કરવાથી મનને શાંતિ પણ મળે છે, પણ એવું કંઈક ને કંઈક આવ્યા કરે છે, જેનાથી મનની સ્વસ્થતા ડહોળાય છે ને અજંપો થાય છે આવું કેમ? આ તો હું જરા સત્સંગ કરવાના હેતુથી પૂછું છું.' ને પેલા ભાઈએ તેમ જ ઉપસ્થિત સૌ ભાઈ-બહેનોએ ગુરુદેવ પ્રત્યે પ્રત્યુત્તરની આશાએ મીંટ માંડી. મિતભાષી ગુરુદેવે કેવળ મરક મરક હસ્યા કર્યું" થોડીક સેકન્ડો પસાર થઈ ન થઈ ત્યાં ફરી પાછી પેલી વાત પેલા ભાઈએ દોહરાવી ને ગુરુદેવ આ બાબત પરત્વે શું કહે છે તેની ઉત્કંઠાથી સૌ ગુરુદેવ તરફ નિરખી રહ્યા. અંદર અંદરની ગુસપુસ બંધ થઈ ગઈ. હજી યે એ જ રીતે ગુરુદેવના હોઠોમાંથી મંદમંદ સ્મિત રેલાઈ રહ્યું હતું. તેઓ થોડીક

સેકન્ડો સમ્પૂર્ણ મૌન રહ્યા. જીવનની પ્રત્યેક પળે નિષ્કામ ભાવના કેળવીને જીવનવ્યવહાર ચલાવતા ને વેદજનની ગાયત્રીની ઇચ્છાને સર્વોપરિ માનીને માથે ચડાવતા ગુરુદેવ શું કહે? તેમણે તો પ્રતિપળ માના સ્મરણમાં જ વિતાવી છે ને વિતાવતા રહ્યા છે. પણ સંતપ્ત, સંત્રસ્ત, વેદનાગ્રસ્ત આગન્તુકોને શાતા આપવા, જીવનના સાચા સુખ ને આનન્દ, જીવનનું ધ્યેય ને પરમતત્ત્વની પ્રાપ્તિના નિદર્શનને ખાતર તો તેમણે સેવાયજ્ઞ આદર્યો છે એટલે આગન્તુકના મનનું સમાધાન કરવાની તેમની જવાબદારી છે.

એટલે ગુરુદેવે મૌન તોડતાં કહ્યું: 'ભાઈ, માની–ઈશ્વરની કૃપાના અનુભવો થયા છતાં પણ આપણને શેનો અજંપો રહે છે તે સૌ પ્રથમ શોધી કાઢવું જોઈએ. આપણી અપેક્ષા શું છે? જીવન ને સંસાર ધારણ કરીને બેઠા છીએ એટલે કંઈક ને કંઈક ગૂંચવણો આવતી રહીને જીવનવ્યવહારમાં અન્તરાય ઊભો કરે તે તો સહજ છે. એથી મનને અજંપ કરીએ, હતાશ કે નિરાશ થઈએ કે થવા દઈએ તે ઉચિત સ્થિતિ નથી. આપણે તો શ્રદ્ધાપૂર્વક પરમતત્ત્વની – મા ગાયત્રીની શરણાગતિ સ્વીકારી છે. સઘળું તેમનાં ચરણોમાં સમર્પિત કરી દઈએ. કેટલીકવાર એવું બને છે કે જીવનનો પ્રવાહ એકધારો સરળતાથી વહ્યે જતો હોય, એકધારો સુખ, શાંતિ, આનન્દ ને સ્વસ્થતાનો અનુભવ થયા કરતો હોય તો જીવનમાં કોઈ મજા નથી રહેતી. જીવનમાં આવતી નાનીમોટી ગૂંચવણોમાંથી ઉકેલ શોધી, માર્ગ કાઢી આગળ વધીએ છીએ ત્યારે એનો આનન્દ કંઈક ઓર જ હોય છે. તમારા કહેવા મુજબ જે કંઈક આવે છે તે તો જીવનને ગતિ અર્પે છે, વિકાસ સાધે છે. આ 'કંઈક' ભક્તિના લયમાં વિક્ષેપ ઊભો કરે છે, તે આપણી કસોટી છે. વળી, આધ્યાત્મિકતાનો–ઈશ્વરનો પન્થ કાંટાળો છે. સુખ, આનન્દ, શાન્તિ ને સ્વસ્થતાનો અનુભવ વ્યક્તિ–વ્યક્તિએ ભિન્ન હોય છે. એટલે અમુક–તમુક પરિસ્થિતિમાં માનવીના મનોવ્યાપારોની ગતિવિધિ, તેની મનોદશા શું અનુભવે છે તેના પર સુખ ને અજંપાનો બહુ મોટો આધાર રહે છે. એટલે સુખ ને દુઃખ માનવીના મનનું જ કારણ છે.

મનુષ્યજીવન ઈશ્વરે નિર્માણ કરેલું છે. ઈશ્વરે રચેલી આ સમગ્ર સૃષ્ટિનાં પણ રૌદ્ર ને રમ્ય, સુખદ ને ભયપ્રેરક એવાં બે સ્વરૂપો છે. એ કુદરતને આધીન એવાં આપણે ને આપણા જીવનમાં રૌદ્ર ને રમ્ય, સુખદ ને ભયપ્રેરક અનુભવો થવાના જ એ બહુ સ્વાભાવિક છે. એથી અજંપ થયે ન પાલવે, થોડીક હિંમત ને ધૈર્ય રાખી કુદરતની ગતિવિધિનો તાલ જોયા કરવામાં જ ડહાપણ ભરેલું છે.

તમારા કહેવા પ્રમાણે તો માની કૃપા તમે અનુભવો છો જ, પણ કંઈક આવે છે તો ભલે આવે.

મન જ્યારે એવો અજંપો અનુભવે ત્યારે નૈસર્ગિક સૌન્દર્ય તરફ દૃષ્ટિપાત કરીએ ને તેના રૌદ્ર–રમ્ય સ્વરૂપને નિહાળીએ. પ્રાતઃકાળે પૂર્વાકાશમાં સૂર્યોદયના પ્રથમ કિરણની પથરાયેલી લાલિમાનું દર્શન હૃદયને કંઈક અનેરો આનન્દ આપે છે. એની સાથે જ પક્ષીઓનો કલરવ કોઈક જુદી જ શાતા જન્માવે છે. ક્યારેક વહેલી સવારે કે ઢળતી સંધ્યાએ નદીકિનારે કે સાગરતટે ટહેલવા નીકળીએ ને નદી કે સાગરનાં હિલ્લોળ લેતાં શાંત વહેતાં વારિ હૃદયને એક પ્રકારનો આહ્લાદ અર્પે છે. મંદ મંદ વાયુથી ડોલતાં વૃક્ષો ને ઝૂમતાં છોડવાંઓ, ખીલતાં પુષ્પોનું પ્રાકૃતિક સૌન્દર્ય, નિસર્ગની શક્તિનું દર્શન કરાવે છે ને માનવજીવનને કોઈક મૂક સન્દેશ આપી રહે છે. તો ભરતીની વેળાએ નદી કે સાગરનાં ઊછળતાં વારિનાં ઊંચાં ઊંચાં મોજાંઓ કે વાવાઝોડાને કારણે અતિ વેગથી ડોલતાં વૃક્ષો ને છોડવાંઓ કુદરતની ભવ્યતાનું નિદર્શન કરાવી આ ભવ્ય ને વિશાળ સૃષ્ટિમાં આપણે એક મનુષ્ય ને આપણા તલભારના અજંપાની શી ગણતરી છે? શી વિસાત છે! આ ભવ્ય સૃષ્ટિના સર્જકની સૃષ્ટિમાં આવીને આપણે વામણા ને સંકુચિત બનીને સ્વના વર્તુળમાં ઘુમરાતા રહીને કારણ–અકારણ થતા અજંપાને



Scanned by CamScanner

દૂર કરવાનો પ્રયત્ન કરવાને બદલે વાગોળતા ને ઘૂંટતા રહીએ છીએ. એ આપણી નબળાઈ છે. આપણે આમાંથી બહાર નીકળવાની આવશ્યકતા છે.

આપણે આપણામાંથી બહાર નીકળીને આ વિશાળ જગતને, જગતનાં આપણા જેવા અનેક જીવો-માનવોને, તેનાં દુઃખોને વિશાળ દૃષ્ટિકોણથી વિલોકીએ તો આપણો અજંપો આપણને જ વામણો લાગશે. આપણે વધારે સુખી હોવાનો એહસાસ થશે.

તમે જે વાત કરી તે તમારા એકલાની નથી. લગભગ દરેક માનવી આવો અનુભવ વધતે-ઓછે અંશે કરતો જ હશે. સુખ, આનન્દ ને શાંતિની શોધ તો મનુષ્ય અનન્તકાળથી કરતો આવ્યો છે. એ શોધમાં તે કેટલે અંશે સફળ કે નિષ્ફળ થાય છે તેવું કોઈ ચોક્કસ ધોરણ નથી.

સુખ, શાંતિ ને આનન્દ એ માનવીના મનોવ્યાપારો છે. તન, મન, પ્રાણ, અંતર ને સમગ્ર અસ્તિત્વના કોઈક અગોચર એવા ભીતરી સ્તરેથી ઉદ્‌ભવતી અનુભૂતિઓ છે. એ અનુભૂતિઓ સમય ને પરિસ્થિતિના પરિણામ ને પરિમાણરૂપે ઉદ્‌ભવે છે. એ કેવળ અનુભવગમ્ય છે. એ કોઈ સ્થૂળ પદાર્થ નથી કે એને સ્પર્શીને પકડી શકાય.

આપણી પસંદગી અનુસાર આપણા જીવનનો ક્રમ ગોઠવીએ છીએ, વ્યવહાર ચલાવીએ છીએ, એમાં જે કોઈ અન્તરાય આવે તેનો ઉકેલ શોધી માર્ગ કાઢવાનો છે.

માનવજીવનના આરંભ કે શૈશવકાળથી આપણે જોઈએ તો માની ગોદમાં-ખોળામાં પોઢેલ બાળકને ઘુંટણિયા ભરતાં ભરતાં આમતેમ ફરવું છે. એમ કરવા જતાં કોઈક ઈજા થયાની સંભાવનાની બાળકને ખબર નથી. મા તેને તેથી તો પકડી રાખે છે ને તેનો અજંપો શરૂ થાય છે. કંઈક સમજણું થતાં બાળકનું તોફાન, હઠ વધતાં જાય છે. માતાપિતા તેને વારવા જતાં તે અજંપ બને છે, કેટલાંક બાળકો શાળામાં આનન્દભેર જાય છે, તો કેટલાક ઘરમાંથી શાળાએ જવા નીકળે છે પણ રસ્તે જ રમતે ચડી જાય છે. ભણવાનો તેને કંટાળો આવે છે. શિક્ષકો ને માતાપિતાની ટકોર તેને અજંપ બનાવે છે. અભ્યાસ આગળ વધતાં કેટલાક વિદ્યાર્થીઓ સફળતાનો આનન્દ માણે છે, તો કેટલાક નિષ્ફળતાથી વ્યાકુળ બને છે. કેટલાક સરળતાથી પદવી પ્રાપ્ત કરી લે છે, તો કેટલાક એમ જ અટવાઈ પડે છે.

પછી ચાલે છે નોકરીની શોધ, નોકરીમાં પગારવધારાની, બઢતીની, જીવનસાથીની પસંદગી, તેમાં સફળતા-નિષ્ફળતા, સંતાનોની જવાબદારી, કૌટુંબિક-સામાજિક-આર્થિક મોભ્ભો, માન, પ્રતિષ્ઠા અને વધુ ને વધુ સુખ ગમે તે રીતે પણ પ્રાપ્ત કરવાની લાલસા જાગે છે. તેમાં ઘણીવાર માનવી નૈતિક મૂલ્યો ને સિદ્ધાંતોને પણ વિસરી જાય છે. એક પ્રકારનો અસંતોષ તેને સતત રહ્યા કરે છે. જ્યાં સુધી આ અસંતોષ ને લાલસા દૂર ન થાય ત્યાં સુધી આપણાં અજંપો ને અસુખ દૂર થવાનાં નથી. જો કે મનુષ્યનો એ સ્વભાવ જ છે. જીવન ને સંસાર ધારણ કરીને બેઠા છીએ એટલે આ બધી બાબતો બહુ જ સ્વાભાવિકપણે જોડાવાની છે. પણ, હું હરહંમેશ કહેતો આવ્યો છું કે, શ્રદ્ધા રાખો; શરણાગતિ કેળવો, નિષ્કામ બનો અને શિશુભાવ ધારણ કરીને માતાજીની ભક્તિ-ઉપાસના કરો, ક્રમસે ક્રમ નિર્લેપ થવાનો-બનવાનો-રહેવાનો થોડોક પ્રયત્ન પણ કરી જુઓ, એમાંથી તમને ચોક્કસ ભરપૂર માનસિક શાંતિ પ્રાપ્ત થશે જ થશે, કારણ કે આપણી અપેક્ષાઓ જ આપણા સુખને હણી નાખે છે. આપણે મનને જ એવું કેળવવાની જરૂર છે. જે સઘળે સ્થળે સઘળી સ્થિતિમાં એકસરખો ભાવ ધારણ કરી રહે, અનુભવી રહે. મન ક્યાંય લેપાવું ન જોઈએ. કહ્યું છે ને કે મનઃ એવ મનુષ્યાણાં બન્ધન કારણ મોક્ષયો : મન જ બન્ધન ને મોક્ષનું કારણ છે. એટલે સંસારની કોઈ ચીજવસ્તુ કે વ્યક્તિની



Scanned by CamScanner

આસક્તિ ન હોવી જોઈએ. અને હોય તો એટલી હદે ન હોવી જોઈએ કે તે મનને અજંપ, નિર્બળ ને દુઃખી બનાવી દે. આપણી સ્વસ્થતાને હણી નાખે અને એ આસક્તિમાંથી ઉત્પન્ન થતું દુઃખ આપણા હૃદયને ન સ્પર્શે એ પ્રકારનો ભાવ–અનાસક્તિ કેળવાય તે જરૂરી છે.

જીવનને સંસારના ચોકઠામાં સુદૃઢ રીતે, સરળતાથી ગોઠવવા માટે નિષ્ઠા, ફરજ, નૈતિક મૂલ્યો ને સિદ્ધાંતોને સમજપૂર્વક નિખાલસતાથી વળગી રહેવામાં જ બહુ મોટું ડહાપણ છે. એથી એક પ્રકારનો આત્મસંતોષ ને માનસિક સુખ–શાંતિની અનુભૂતિ તો અવશ્ય થાય જ છે.

આપણે તો માતાજીની શરણાગતિ સ્વીકારી છે. શરણાગતિ એટલે શું તે પણ સૌ પ્રથમ આપણે સમજી લેવાની જરૂર છે. માતાજીના–પરમતત્ત્વના–પ્રભુના શરણમાં ગતિ કરવી તે. તેના શરણમાં–ચરણમાં આપણે મસ્તક નમાવીએ છીએ એટલે આપણાં બધાં જ શસ્ત્રો–પ્રયત્નો–વૃત્તિ–પ્રવૃત્તિઓ આપણી પ્રત્યેક ગતિવિધિને આપણાથી વેગળાં કરવાં પડે છે. માતાજી જે કરે તે સાચું ને સારું જ હશે — છે એ ભાવના જ્યાં સુધી ન કેળવાય ત્યાં સુધી આપણે સુખી થઈ શકવાના નથી. એટલે જીવનની પ્રત્યેક પળે, પ્રત્યેક સંજોગોમાં ઈશ્વરના–મા ગાયત્રીના સંકેતને સમજવાનો પ્રયત્ન કરીશું તો મને લાગે છે કે આપણા અજંપાને દૂર કરી શકીશું.

જીવનમાં જે 'કંઈક' આવે છે તે આપણી શ્રદ્ધા ને શરણાગતિની પરીક્ષા માટે જ નિયોજાય છે. જીવન ને સંસારની આ કે તે પળોજણોમાંથી પેદા થતા અજંપાને કારણે આપણી શ્રદ્ધા ને શરણાગતિનું સાતત્ય ખોટકાય નહીં, આપણા મનમાં સંદેહો ઉત્પન્ન ન થાય તે જોવાની જવાબદારી આપણી છે. ધારો કે કોઈ સંદેહ ઉત્પન્ન થાય તો પણ તેનું તત્કાળ કે યથાવકાશે નિરાકરણ જરૂરી બની રહે છે. ઈશ્વરની લીલા અપાર છે. માતાજીની શક્તિ અનન્ત ને અસીમ છે. એનો કોઈ પાર પામી શક્યું નથી. એટલે સહજ ને સરળ ભાવે દરરોજ નિયમિત ગાયત્રી–મંત્રની ત્રણ માળા ચાલુ રાખીએ. માના ચરણ–શરણમાં બે હાથ જોડી નત–મસ્તકે જીવનભર–પ્રતિપળ રહીએ. એણે જેટલો કૃપાપ્રસાદ આપવો હોય તેટલો આપે બાકી એની મરજી. એટલે મારા સ્વાનુભવ પ્રમાણે તો હું શ્રદ્ધા, શરણાગતિ, નિષ્કામ ને શિશુભાવ કેળવવા સિવાય કોઈ બાબત મને મહત્ત્વની લાગતી નથી.'

મિતભાષી – અતિ ઓછું બોલનારા, એકાદ શબ્દ કે જરૂર પડે તો એકાદ–બે વાક્યથી વિશેષ ન બોલતા ગુરુદેવની વાણીમાં તે દિવસે કોઈક અનેરી જ મીઠાશનો અનુભવ થયો હતો. તેમનો એક એક શબ્દ અમારા સૌમાં એક કંપ જન્માવી જતો હતો. એ એક સરસ માર્ગદર્શન હતું. સૌ માનવીના મનના અજંપાને દૂર કરવાની ઉત્કટતા ને તાલાવેલી એમાંથી સ્પષ્ટ પ્રતીત થતી હતી. સમગ્ર વાતાવરણમાં એક પ્રકારની સ્તબ્ધતા પથરાઈ ચૂકી હતી. આજુબાજુનાં વૃક્ષોનાં પાંદડાંને પવન ખખડાવતો હતો અને વાતાવરણની સ્તબ્ધતાને ચીરતો હતો. કોઈક પ્રખર યોગીની અદાથી, કોઈક ઋષિમુનિની જેમ ગુરુદેવ બોલતા હતા. ગુરુદેવની મહાનતાનાં એ એક વિલક્ષણ અનુભવ ને દર્શન હતાં. સમય ઠીક ઠીક પસાર થઈ ગયો હતો તેથી અમે સૌ ઊઠ્યાં.

*　　　*　　　*

એકવાર હું વેપારના કામ માટે માંગરોળ જઈ રહ્યો હતો. સૂરતથી બસમાં ચઢતાં મારી આગળના એક ભાઈના બગલમાં છાપું હતું. એ જોઈ મને એવો વિચાર આવ્યો કે આ છાપું ક્યાંક કોઈને વાગી ન જાય તો સારું! એટલામાં જ એ ભાઈ મારી આગળથી પસાર થઈ બસમાં ચઢવા ગયા કે તેમના બગલમાંના છાપાના કાગળની ધાર, શાક સમારતાં ચપ્પુથી આંગળી કપાઈ જાય તેમ,



Scanned by CamScanner

મારી આંખમાં વાગી ને થોડોક ઘા પડ્યો. હું બસમાં તો ચઢ્યો. પણ મારી આંખ જ ન ઊઘડે! મને એમ કે કાગળની ધાર વાગી છે તે સહેજ વારમાં સારું થઈ જશે. મેં આંખ ઉઘાડવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ પોપચાં પડી જ જાય! જ્યારે જ્યારે વેપારના કામ માટે હું આ રીતે બસમાં કે ટ્રેનમાં બહાર નીકળું છું ત્યારે મારા મંત્રજપ તો ચાલુ જ હોય છે, તે પ્રમાણે ચાલુ જ હતા. આંખમાંથી પાણી ટપકી રહ્યું હતું. માંગરોળ જઈ એક સામાન્ય ડૉક્ટરને હું મળ્યો. તેમણે આંખ જોઈ-તપાસીને કહ્યું કે, 'આમાં મારું કામ નહીં. તમે હમણાં ને હમણાં જ સુરત પહોંચી જઈ ને આંખના કોઈ નિષ્ણાત ડૉક્ટરને બતાવો.' હું તરત જ સુરત પાછો ફર્યો ને સીધો જ આંખના એક નિષ્ણાત તબીબને મળ્યો. તેમણે આંખ તપાસીને પાટા-પિંડી કરી આપી ને કહ્યું કે, 'ઈજા ઘણી થઈ છે. મોતિયાનું ઑપરેશન કરાવીને હોઈએ જે રીતે bed rest કરવો પડે તે રીતે પથારીવશ રહીને તમારે આરામ કરવો પડશે. ઓછામાં ઓછા ચાર દિવસ તો પથારીમાં સૂઈ જ રહેવું પડશે.' હું ઘેર આવ્યો. બીજે દિવસે પ્રાતઃકાળે જપમાં બેસતાં મેં પ્રાર્થના કરી કે ગુરુદેવ, 'કેમ આવાં વિઘ્નો લાવ્યા કરો છો?' તેના બીજે જ દિવસે પૂ. ગુરુદેવ અમેરિકા જતા હોઈ અમે સૌ ભાઈ-બહેનો તેમને મળવા જનાર હતાં. આથી મેં કહ્યું કે, 'હું તો આપની પાસે માંડ આવું છું ત્યાં આપે મને આવા સંકટમાં મૂકી દીધો!' ...ત્યાં જ પૂ. ગુરુદેવે ધ્યાનમાં સાક્ષાત્ દર્શન દીધાં ને એક મા પોતાના બાળકને વહાલથી હાથ પસવારે તેમ તેમણે મારી ઈજાગ્રસ્ત આંખ પર ચારથી પાંચ વાર હાથ પસવાર્યા કર્યો અને પછી કહે, 'બસ?!' મેં કહ્યું 'હા, બસ!' આટલું કહેતાંકમાં તો ગુરુદેવ તરત જ અંતર્ધાન થઈ ગયા!

સાડા દસે આ સમાચાર મળતાં જ બહેન પૂર્ણિમા મારે ઘેર દોડી આવી. મેં તેને સઘળી હકીકત કહી. તેણે તરત જ કહ્યું કે, 'ગુરુદેવને ખબર આપીએ!' મેં કહ્યું કે, 'ભગવાનદાસ અત્યારે કવીનમાં પહોંચી ગયા છે. તેમણે ગુરુદેવને વાત કરી જ હશે. મેં સમાચાર મોકલ્યા જ છે.' સવારે ધ્યાનમાં મને થયેલા અનુભવની પણ વાત કરી ને મેં એને કહ્યું કે, 'મને શ્રદ્ધા છે કે મને કશો વાંધો નહીં આવે.' છતાં તેણે કહ્યું કે, 'ગુરુદેવને ફોન કરીએ. ગુરુદેવ દોઢ મહિના માટે અમેરિકા જાય છે. કંઈક મુશ્કેલી ઊભી થઈ તો શું કરીશું? જો ગુરુદેવ આજ્ઞા આપતા હોય તો આપણે સાથે અમદાવાદ નીકળીએ.' તેના આ પ્રસ્તાવમાં મારી પત્નીએ પણ સૂર પુરાવ્યો. બહેન પૂર્ણિમાએ ગુરુદેવ સાથે ફોન પર વાત કરી તે દરમ્યાન તો ભગવાનદાસ મારફત ગુરુદેવને સમાચાર મળી ચૂક્યા હતા. પૂર્ણિમાએ પૂછ્યું કે, 'ગુરુદેવ, ડૉક્ટરે તો હસમુખભાઈને bed-rest કરવા, પથારીવશ રહેવા જણાવ્યું છે, પણ આપની આજ્ઞા હોય તો હસમુખભાઈ ત્યાં આવે.' ગુરુદેવે જણાવ્યું કે, 'ના, તેમને કહેજો કે તેઓ સંપૂર્ણ આરામ કરે. આંખનું કામ છે તેથી દોડાદોડ ન કરે. મારા આશીર્વાદ છે...'

ગુરુદેવના આદેશ અનુસાર તેમણે અમદાવાદ જવાનું માંડી વાળ્યું. બપોરે ડૉક્ટરના કહેવા મુજબ હું તેમને મળવા ગયો. તેમણે આંખ જોઈ તપાસીને કહ્યું કે, 'તમને તો બિલકુલ સારું થઈ ગયું છે. તમને કશું જ વાગ્યું નથી એવી તમારી આંખ સંપૂર્ણ સાજી છે.' એટલે મેં કહ્યું કે 'તો હવે હું શું કરું?' મને કહે, 'તમારે જેટલા સરવાળા-બાદબાકી કરવા હોય, જેટલા હિસાબ કરવા હોય તેટલા કરી શકો છો.' મેં પૂછ્યું કે, 'હું દુકાને જાઉં?' તો કહે કે, 'હા જાઓ.' બપોરે ચાર વાગે હું દુકાને જઈ કામમાં પરોવાયો. ઘેર સંબંધીઓ મળવા આવ્યા ને મને દુકાને કામમાં પરોવાયેલો જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા.

મેં અમદાવાદ જવાનો ફરી વિચાર કર્યો-નક્કી કર્યું. બહેન પૂર્ણિમાને આ સમાચાર પહોંચાડવા ફોન કર્યો, પણ તે દિવસે ઑફિસમાંથી તેઓ વહેલાં નીકળી ગયાં હોઈ તેને આ સમાચાર ન મળ્યા. બીજે દિવસે સવારમાં સ્ટેશન પર અમે ભેગાં થયાં ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો...'

કોઈ રહસ્યમય વાર્તા સાંભળીને શ્રોતાઓ સ્તબ્ધ થઈ જાય તેમ માતાજીની અપાર શક્તિ, અનંત લીલા ને અસીમ કૃપાની આ રહસ્યમય વાતો સાંભળી સૌ ભાઈ-બહેનો સ્તબ્ધ થઈ ગયાં.

ગુરુદેવનો બપોરનો જમવાનો સમય થયો હોઈ અમે સૌ પ્રણામ કરી ઊઠ્યા, ત્યારે અમારા સૌમાં એક નવી જ શ્રદ્ધાનો સંચાર થયેલો અનુભવ્યો.

□




મા ગાયત્રીની કૃપા

શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

★

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

Manufacturer of

ELECTRICAL ACCESSORIES

STANDARAD ELECTRICAL PRODUCTS

1, Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari ( West ), Bombay – 400 102

Gram : Seproswich Bombay 400 102 Phone : 573220


Scanned by CamScanner

એપ્રિલ.૧૯-૮૫

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન** : પૂ. ગુરુદેવ, નમસ્કાર કરવાનો કે પગે લાગવાનો હેતુ શું છે? વડીલને આપણે બે હાથ જોડી ખુલ્લી આંખે સ્મિત કરી નમસ્કાર કરીએ છીએ.

ગુરુદેવને, માતાજીને કે પોતાના ઇષ્ટદેવને સાષ્ટાંગ દંડવત્ કે ઘૂંટણભેર બે હાથ જોડી આંખો બંધ કરી, ચરણમાં મસ્તક મૂકી પગે લાગીએ છીએ.

આ બધાંની પાછળ શું ભાવના છે? પગે લાગવાની કે નમસ્કાર કરવાની આવી જુદી જુદી પ્રક્રિયા શા માટે?

**ઉત્તર** : બહેન, આપનો સવાલ બહુ રસિક છે.

વડીલને નમસ્કાર કરવા કે પગે લાગવા પાછળ આપણી તેમના પ્રત્યે માન-આદરની ભાવના પ્રદર્શિત કરીએ છીએ. બે હાથ જોડી સ્મિત વેરતાં આપણે એવી ભાવના અભિવ્યક્ત કરીએ છીએ કે મને આપના તરફથી પ્રેરણા અને માર્ગદર્શન મળશે. આપના આદર્શોનું હું અભિવાદન કરું છું.

ગુરુદેવ, માતાજી કે ઈષ્ટદેવને પગે લાગતી વખતે આપણી શારીરિક પ્રક્રિયા – "બે હાથ જોડી, મસ્તક ઝુકાવી, આંખો બંધ કરી, કે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા ઘૂંટણભેર બેસવું, આંખમાં પ્રેમાશ્રુ વહાવવાં" પાછળ આપણી ભાવના સંપૂર્ણ શરણાગતિની છે.

હે ગુરુદેવ, હે મા ગાયત્રી, હું પરમાત્મા મારું સમસ્ત અસ્તિત્વ હું આપના ચરણે ધરું છું. મારી આંખો બંધ છે, પ્રેમાશ્રુ વહે છે, મસ્તક ઝૂકેલું છે, બંને હાથ નિષ્ક્રિય હાલતમાં બંધ છે, મારું આખું શરીર આપના ચરણમાં છે તેથી આપ જ મારા રક્ષક, તારક, ઉદ્ધારક છો. આપ મારા સર્વસ્વ છો, હિતેચ્છુ છો. આપના આદર્શો એ જ મારા જીવનનું આચરણ રહેશે.

જો આવી ભાવના દિવસના ૨૪ કલાક અને જિંદગીભર ચાલુ રહે તો જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય, પરમાત્માને આપણી બધી જ જવાબદારી લેવી પડે.

કોઈપણ જાતની દાદ-ફરિયાદ વગર, અનન્ય શ્રદ્ધાથી જીવન જીવવા માટે જે પરિસ્થિતિ નિર્માણ થાય તેનો પ્રેમથી હસતે મુખે સ્વીકાર કરી તે પ્રમાણે જીવન જીવવાની તૈયારી રાખવી. આવી માનસિક તૈયારી જ્યારે ભક્ત કે સાધક શરણાગતિમાં આવે ત્યારે જ પરમાત્મા તમારો સઘળો ભાર ઉપાડે છે.

નરસિંહ મહેતાની અનન્ય શ્રદ્ધા અને શરણાગતિએ જ શામળશાહનો વિવાહ, કુંવરબાઈનું મામેરું અને પોતાની માના શ્રાદ્ધ જેવા પ્રસંગો ઉકેલવા પરમાત્માએ જાતે આવવું પડયું હતું. મીરાંની અનન્ય શ્રદ્ધાએ જ પરમાત્માને ઝેરનો કટોરો અમૃતથી ભરવો પડયો હતો.

પ્રેમ, શ્રદ્ધા અને શરણાગતિની ભાવના વગરના નમસ્કાર એ કેવળ બાહ્ય, ઔપચારિક, સ્થૂળ, નિષ્પ્રાણ આચાર બની રહે છે, જેનાથી સાધકનું સાધ્ય સાથે તાદાત્મ્ય સધાતું નથી.

*

લંડનમાં એક અંગ્રેજબહેને મુલાકાત દરમિયાન પૂછેલ પ્રશ્નોત્તરમાંથી કેટલીક હકીકતો રજૂ કરી છે :

**પ્રશ્ન** : બિમારી દૂર કરવાનો પૂજ્ય ગુરુદેવનો આધ્યાત્મિક શક્તિનો અભિગમ કઈ રીતે કાર્ય કરે છે તે સમજાવશો!



Scanned by CamScanner

ઉત્તર : મનુષ્યના પંચમહાભૂતના શરીર સાથે તેનું મન અને આત્મા સંકળાયેલાં છે. આત્મા-પ્રાણ વિનાના શરીરનું કોઈ મહત્ત્વ નથી. આત્મા એ પરમાત્માનો એક અંશ છે. આ આત્માનો વિકાસ ઊર્ધ્વીકરણ સાત્ત્વિક-આધ્યાત્મિક આચરણ અને વાતાવરણથી થાય છે.

મનુષ્યની ઈચ્છાઓની લગામ તેના મન પર છે. મનની સ્વસ્થતા ઉપર ઈચ્છાશક્તિનો આધાર રહેલો છે. મન અને શરીર એકબીજાનાં પારસ્પરિક અંગો છે. એકબીજાનાં પૂરક છે. શરીર વગરના મનને ભૂતમાં ખપાવવામાં આવે છે.

મેડીકલ સાયન્સમાં સાયકો-સોમેટીક રોગો વિષે જાણીએ છીએ. શરીર અને મનના સંબંધ (Body-mind relationship)થી ઘણા રોગો-બિમારી ઉદ્ભવે છે. દા. ત. બિલકુલ સ્વસ્થ અને તંદુરસ્ત હાલતમાં બેઠેલ એક વ્યક્તિને ઓચિંતા સમાચાર મળે કે "તેના દીકરાને અકસ્માત થયો છે. દીકરાની હાલત ગંભીર છે, હૉસ્પીટલમાં દાખલ કર્યો છે. આપને તાત્કાલિક બોલાવે છે". આ સમાચારથી તેની માનસિક અસ્વસ્થતા વધી જાય છે. જેને કારણે તેને શારીરિક બિમારી થાય છે, જેવી કે —

ઝાડા થઈ જાય છે, બ્લડ-પ્રેશર વધી જાય, હૃદયના ધબકારા વધી જાય, હાર્ટ એટેક આવી જાય, ઉબકા-ઉલ્ટી થાય, બેભાન થઈ જાય, વાચા બંધ થઈ જાય, વગેરે વગેરે.

ઘણા કેસોમાં શારીરિક અસ્વસ્થતા કામચલાઉ રહે છે જ્યારે ઘણા કેસોમાં તે કાયમી રહે છે. મેડીકલ સાયન્સના તારણ પ્રમાણે ૮૦ ટકા રોગો સાયકો-સોમેટીક પુરવાર થયા છે.

પૂજ્ય ગુરુદેવનો આધ્યાત્મિક શક્તિનો અભિગમ કોઈપણ પ્રકારની શારીરિક, માનસિક, આર્થિક કે સામાજિક બિમારીમાં ફળદાયી નિવડે છે. જે નીચે પ્રમાણે છે :

૧. પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં દરેક વ્યક્તિને જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સંપત્તિનાં બંધનો વિના વ્યક્તિગત રીતે પોતાનું મન હળવું કરવાનો, ઉભરો ઠાલવવાનો, વાત કરવાનો, મનનો ભાર ઠાલવી હળવાશ અનુભવવાનો અવકાશ મળે છે.

૨. પૂજ્યશ્રીનો સધિયારો (asurance) આપતા શબ્દો 'થઈ જશે', 'હું પ્રયત્ન કરીશ', 'હું મદદ કરીશ', 'મારા આશીર્વાદ છે', 'કંઈ જ નથી' વગેરે વગેરે મહામૂલા શબ્દો વ્યક્તિના મનને-શક્તિને મજબૂત બનાવે છે. ગુરુદેવનું પીઠબળ મળ્યાનો સધિયારો મેળવી તેની ઈચ્છાશક્તિને મજબૂત અને પ્રભાવિત કરે છે.

૩. જીવનજળમાં આરોપણ કરેલ મંત્રશક્તિથી શરીર અને મનની વિકૃતિ નાશ પામે છે. રોગના જિવાણુઓ નાશ પામે છે. સાથે સાથે જીવનજળ લેનાર વ્યક્તિની શ્રદ્ધાથી સ્વસ્થ થયેલ મન આ જિવાણુઓ સામે ટક્કર ઝીલવા સમર્થ બને છે.

૪. ગાયત્રી મંત્રજાપના રટણથી ઉત્પન્ન થયેલ આંદોલનો શરીરની અંદર અને બહારના વાતાવરણને શુદ્ધ-સાત્વિક બનાવે છે. શરીરની અંદર રહેલાં ચોવીસ સ્થાનોમાં મંત્રના અક્ષરોનો પ્રતિધ્વનિ ઉત્પન્ન થઈ શરીરને નિરોગી બનાવે છે. વ્યક્તિને પ્રભાવશાળી બનાવે છે, આંખની ચમક વધી જાય છે, સાત્ત્વિક ગુણો કેળવાય છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

૫. પૂજ્ય ગુરુદેવનાં અન્ય સૂચનો તે અંતઃસ્ફુરણાથી ઉદ્ભવિત દૈવી સૂચનો છે. જીવનજળની સાથે બિમારીના અનુસંધાનમાં કરવામાં આવેલ સૂચનોનું ચુસ્તપણે પાલન કરવાથી બિમારી નાબૂદ



Scanned by CamScanner

ઝરવામાં–હટાવવામાં પૂર્ણતા થાય છે. દૈવીશક્તિ દ્વારા ઉદ્ભવેલ સૂચનોનો અમલ કરવાથી વ્યક્તિનું જીવન બને છે અને બચે છે.

૬. **શક્તિપ્રદાન સારવાર :** મુકરર કરેલ વાતાવરણમાં પૂજ્ય ગુરુદેવ પ્રાર્થના દ્વારા જરૂરી શક્તિ મેળવી, વ્યક્તિનું શારીરિક કે માનસિક દર્દ દૂર કરવા માટે, રાહત મેળવવા માટે, તે શક્તિ વ્યક્તિના શરીરમાં આંદોલનો દ્વારા પ્રસ્થાપિત કરે છે. વાઈબ્રેશન (આંદોલનો) દ્વારા મંત્રશક્તિ ટ્રાન્સફર-પ્રસ્થાપિત સંક્રાંત કરે છે. આમ વ્યક્તિને દર્દમાં રાહત થયાનો કે તદ્દન સારો થયાનો અનુભવ થાય છે.

આમ વિવિધ રીતે વ્યક્તિની પોતાની જ ઈચ્છાશક્તિને સાચા સરળ રાહ પર લાવી આધ્યાત્મિકતાનું પીઠબળ આપી સ્વસ્થ–નિરોગી બનાવવામાં આવે છે.

□


પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

**આરતી ટ્રેડર્સ**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫



મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

33–1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,

SURAT - 395 002


Scanned by CamScanner

# આત્મગુંજન : ૯

ડૉ. કાન્તિલાલ કાલાણી

**જ્ઞાનીઓ પરમાત્મા માટે 'નેતિ', 'નેતિ' કહે છે એટલે શું?** દૃશ્ય માટે રહે ત્યાં સુધી 'આ નહીં', 'આ નહીં', એમ કહેવું પડશે. એકલો દ્રષ્ટા જ રહેશે અને 'દૃશ્ય' જેવું કાંઈ નહીં રહે પછી 'નેતિ', 'નેતિ' કહેવાનું નહીં રહે. કોઈ અનુભવ ન રહે, કોઈ દર્શન ન રહે, વસ્તુ–પદાર્થ માત્ર ન રહે, માત્ર જોનાર જ રહે, પછી શું વ્યક્ત કરવાનું રહે?

**સંચિત્ કર્મ એટલે શું?** અનેક જન્મોનાં જૂનાં કર્મો, જે ભોગવવાનાં બાકી હોય. એના બે વિભાગ – (૧) તીવ્ર સંચિત્ કર્મ, (૨) મંદ સંચિત્ કર્મ. તીવ્ર સંચિત્ કર્મનાં ફળ વહેલાં અથવા તરત ભોગવવાં પડે, મંદ સંચિત્ કર્મનાં ફળ મોડેથી ભોગવવાં પડે.

**પ્રારબ્ધ કર્મ એટલે શું?** જે વર્તમાન જીવનને ચલાવે છે, અને જેનું ફળ ભોગવવું અનિવાર્ય છે.

**ક્રિયમાણ કર્મ એટલે શું?** જે કર્મ વર્તમાનકાળમાં કરવામાં આવે છે, કર્મની સાથે જ તેનું ફળ નિર્માણ થતું જતું હોય છે અને જે કર્મો ભવિષ્ય પણ નિર્માણ કરતાં જાય છે.

**ગુરુ કોને કહેવાય?** ગુ – અંધકાર, રુ – પ્રકાશ. જે અંધકાર ઉલેચી નાખે અને પ્રકાશ ભરી દે તે ગુરુ. અજ્ઞાનનો નાશ કરે અને જ્ઞાનની જ્યોત પ્રગટાવે તે ગુરુ.

**સંતોનાં લક્ષણો કયાં?** આંખમાં કરુણા, જીભમાં સત્ય, હૃદયમાં પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ, જીવનમાં સંયમ, અનોખી મસ્તી, સર્વ સમન્વયકારી વલણ.

**જ્ઞાન કોને કહેવું?** પદાર્થ અને પરિસ્થિતિ માત્રનો આત્મદર્શન માટે યોગ્ય ઉપયોગ કરવાની આવડત તે જ્ઞાન.

**ચિત્તમાં શાંતિ જળવાઈ રહે તે માટે શું કરવું?** 'હું'પણાના ભાવથી અલિપ્તતા કેળવવી, અન્યના સુખે સુખી થવું, વહેતાં જળની જેમ નિર્મળ રહેવું.

**શેમાંથી બચવા જેવું?** ભોગવિલાસમાંથી, મહત્ત્વાકાંક્ષાઓમાંથી, ત્યાગના અહંકારમાંથી.

**આપણાં દુઃખનાં કારણો કયાં?** અસંતોષ, અતૃપ્તિ અને અભાવ, સુખ દુઃખની જ બીજી બાજુ છે. તે વિશેનું અજ્ઞાન, જીવવા માટેની અને કામભોગની તૃષ્ણા, પ્રિયનો વિયોગ અને અપ્રિયનો સમાગમ, સાચી સમજનો અભાવ, નકારાત્મક કે પૂર્વગ્રહયુક્ત ચિંતન, અન્યના દૃષ્ટિબિન્દુ પ્રત્યે અસહિષ્ણુતા, વિવેકશક્તિની ગેરહાજરી, અંતિમો (Extremes) પર વિચાર કરવાની આદત, અનિત્ય અને ક્ષણિક પદાર્થો પ્રત્યેની આસક્તિ.

**સહનશક્તિને અકબંધ રાખવાનો ઉપાય શું?** જગતનાં લોકો દુષ્ટ નથી પણ અજ્ઞાની છે અને તેઓ જે કાંઈ ખોટું કરે છે તે અજ્ઞાનને કારણે કરે છે તેવા વિચારની સતત હાજરી.

**પુનર્જન્મનું કારણ શું?** મૃત્યુથી ભૌતિક શરીર નાશ પામે છે, પણ સૂક્ષ્મ સંસ્કારો ટકી રહે છે. એ સંસ્કારો જ નવા જન્મનું કારણ બને છે.



Scanned by CamScanner

**આત્મકલ્યાણ માટેનો રાજમાર્ગ કયો ?** આંતર નિરીક્ષણની સતત ટેવ, ચિત્ત અને હૃદયની શુદ્ધિ, જીવન વિશેની યથાયોગ્ય સમજ, દ્વેષ-ભાવનો ત્યાગ, કોઈને પણ ત્રાસ ન આપવાની મનોધારણા.

**આંતરજીવન શેનું બનેલું છે ?** અગમ્ય (શુભ) શક્તિઓનું, અગમ્ય (અમંગલ) શક્તિઓનું, વિચારોનું, કામનાઓનું, આસક્તિઓનું.

**મનુષ્યનું ઈષ્ટતમ ધ્યેય શું હોઈ શકે ?** જન્મમૃત્યુના ચક્રાવામાંથી મુક્ત થઈ શાશ્વતમાં સ્થિર થવું તે.

**તૃષ્ણા શું કરી શકે ?** સદ્‌ગુણોનો નાશ કરે, મોહને બહેકાવે, આપત્તિઓને વધારે, જ્ઞાનને ઢાંકી દે અથવા તેનો લોપ કરે.

**ક્ષણે ક્ષણે કોણ સૌનું ભક્ષણ કરે છે ?** કાળ.

**સ્ત્રી-પુરુષને બંધનરૂપ શું છે ?** હું-પણું અને મારા-પણું, કામભોગ, પદાર્થો પ્રત્યેની તીવ્ર આસક્તિ.

**મોક્ષ કોને કહેવાય ?** મોહના સદંતર ક્ષયને, વાસનાઓની ક્ષીણતાને.

**સાધનાનું લક્ષ્ય શું ?** ચિત્તની સમ સ્થિતિ કરવી તે.

**ચિત્તને કોણ ડહોળી નાખે છે ?** કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. તેનાથી બચીએ તો સમ સ્થિતિ પ્રાપ્ત થાય.

**કઈ બાબતમાં જાગ્રતિ રાખવા જેવી ?** આ સંસારમાં કશું નિત્ય નથી, માટે કશામાં મન ન ડૂબી જાય તેની.

**ચિત્તને નિર્મળ કરવાના ઉપાય કયા ?** ભાવપૂર્વકની ભક્તિ, સદ્‌ગુણોનું આચરણ.

**મૂર્તિપૂજા હિતદાયી ખરી ?** નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસના માત્ર વિચારને જ તૃપ્તિ આપે, મૂર્તિપૂજા વિચાર, ભાવના અને શરીર ત્રણેયને તૃપ્તિદાતા, એટલે એ હિતકારક.

**ભગવદ્‌તત્ત્વ સ્વયં ક્યાં ઉપસ્થિત થાય છે ?** નિષ્કામપણું હોય ત્યાં, ભક્તિ હોય ત્યાં.

**મનુષ્યની મોટી કસોટીઓ કઈ છે ?** દૈનંદિન જીવનમાં આધ્યાત્મિક નિષ્ઠા જાળવી રાખવામાં કોલાહલો અને ઉશ્કેરાટ વચ્ચે વિચાર અને લાગણીની સમતુલા જાળવી રાખવામાં.

**મનુષ્યનું પરમ મિત્ર કોણ ?** સ્વાધીન અને નિર્મળ મન.

**મન ચંચળ કેમ છે ?** તે સતત અતૃપ્તિ અથવા અભાવ અનુભવતું હોય છે એટલે.

**મનને ગમતો ખોરાક શું ?** ઐશ્વર્ય, જ્ઞાન, આનંદ.

**આંતર જગતનો ઉઘાડ કેમ નથી થતો ?** ઉત્કટ વ્યાકુળતા નથી જન્મતી એટલે, છીછરી ભૂમિકાએ જ રમવાની મનને-ચિત્તને આદત પડી ગઈ છે એટલે, અસ્થિર મન વસ્તુના હાર્દ સુધી પહોંચી શકતું નથી એટલે, અસ્વસ્થ મનથી મનુષ્ય ઊંડી અનુભૂતિ કરી શકતો નથી એ કારણે, તેમ જ મનુષ્ય નિરુત્સાહી અને શુષ્ક હોય અને બહારથી ઉત્સાહ મેળવવા ફાંફાં મારતો હોય તો ક્યાંથી ઉઘાડ થાય ?

**સ્વભાવ સુધારવાની ચાવી કઈ ?** નિરંતર સત્સંગ.

**લક્ષ્મી સાથે કેવો વ્યવહાર રાખવો ?** માતા સાથે રાખીએ તેવો આદરપૂર્ણ અને વિવેકપૂર્ણ.

**મૃત્યુ ક્યારે ઉત્તમ થાય ?** જીવનની પ્રત્યેક ક્ષણ ઉત્તમ રીતે વીતાવી હોય તો.



Scanned by CamScanner

**જ્ઞાની કોને કહેવો?** જીવન અને જગત વિશેની સાચી સમજ પ્રાપ્ત કરી તે પ્રમાણે જીવે તેને, તત્ત્વમાં રમમાણ રહે તેને.

**કયા ગુણ અન્ય ગુણોને ખેંચી લાવે?** ધીરજ તેમ જ વિનય.

**યોગીને ઓળખવાની નિશાનીઓ કઈ?** અનન્ય ભક્તિ, સમત્વ, કર્મમાં કૌશલ.

**તપનું પ્રથમ પગથિયું કયું?** જીભ પરનું નિયંત્રણ (એમાં સ્વાદજય અને વાણીજય આવી જાય. કહે છે કે જેની જીભ સુધરે તેનું જીવન સુધરે).

**પાપના માતાપિતા કોણ?** મમતા પાપની માતા છે, લોભ પાપનો પિતા છે.

**મનુષ્યે પ્રસન્ન રહેવા શું કરવું?** સમયનો, સંપત્તિનો, શારીરિક તેમજ માનસિક શક્તિઓનો સદુપયોગ.

**લોભથી બચવાનો ઉપાય?** સંતોષ

**શાંતિ કોને મળે?** જેનું જીવન નિષ્પાપ છે તેને, જેણે જ્ઞાનને આચરણમાં ઉતાર્યું છે તેને, સંયમીને, સદાચારીને અને સંસ્કારસંપન્નને.

**ભક્તિની શરૂઆત ક્યારે થઈ કહેવાય?** વિષયો પ્રત્યે વૈરાગ્ય આવે ત્યારે.

**ભક્તિમાં વિઘ્નકારક શું?** આપણી અંદરનો સંસાર.

**પોતાની જાતને રોજ શું યાદ કરાવવું જોઈએ?** ભગવાન, હું રાજી છું, તમે જે કરશો તે મને ગમશે.

**માયાના તાપમાંથી બચવા શું કેળવવું જરૂરી?** અસંગપણું, નિર્મોહીપણું, રાગદ્વેષ વગરનું જીવન, સર્વ પ્રત્યે સમભાવ.

**મોટું પરાક્રમ કયું?** વાસનાઓ પર વિજય, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરનો વિવેકપૂર્વક ઉપયોગ.

**ચિંતામુક્ત ક્યારે થવાય?** કર્તાપણાનો ભાવ ન રહે ત્યારે.

**સંપત્તિ કોને કહેવાય?** જે શરીરથી છૂટી ગયા પછી પણ સાથે આવે તે.

**સાક્ષીભાવ કોને કહેવાય?** મારાપણાના ભાવમાંથી અળગા થવું તે (વસ્તુ, પદાર્થ, ઇન્દ્રિયો, શરીર વગેરેથી જે જુદો પડે છે તે જ દ્રષ્ટા બની શકે છે).

**મૂર્છા એટલે શું? દેહાધ્યાસ, શરીરસુખનું જ ચિંતન.**

**જાગ્રતિ એટલે શું?** મનની ગેરહાજરી અથવા મનનો અભાવ, ઇન્દ્રિયો સ્થૂલરૂપે હાજર હોય છતાં તેમની હાજરી ન વર્તાય, શરીર પ્રત્યે લક્ષ નહીં, ચૈતન્ય પ્રત્યે જ લક્ષ, ચૈતન્યમાં સ્થિર થઈએ ત્યારે મૂર્છાને અવકાશ રહેતો નથી.

□



Scanned by CamScanner

# શ્રી માની કૃપા અને પૂ. ગુરુદેવના આશિષથી કડવાશને ઓગાળી અસ્તિત્વને પવિત્ર ને નિર્મળ બનાવીએ !

મનુષ્યના પ્રત્યેક સમ્બન્ધવિશેષનો ઉદ્ભવ, વિકાસ ને એ સમ્બન્ધની સફળતા-નિષ્ફળતા માનવીના એકમેક પ્રત્યેના ઋણાનુબન્ધને જ આભારી છે. ઋણાનુબન્ધે જ માનવીના જીવન ને સંસાર રચાય છે ને એમ સૃષ્ટિનો-નિયતિનો ક્રમ ચાલ્યા કરે છે.

લગ્ન એ પણ વ્યક્તિના - યુવક-યુવતીના ઋણાનુબન્ધની પરિણતિ છે. કાળના બળે કોઈક ગત જન્મની તૂટેલ સમ્બન્ધની - હૃદય તાદાત્મ્યની કોઈક કડી આ ભવે નવે સ્વરૂપે આવિર્ભાવ પામીને એક યા અન્ય મિષે જે તે સમ્બન્ધ સ્વરૂપે જોડાઈને વિકસી રહે છે.

મનુષ્યના પ્રત્યેક સમ્બન્ધવિશેષની આડે માનવીના પોતીકા જ કોઈક પૂર્વગ્રહો-અભિગ્રહો-માન્યતાઓ, વેર, દ્વેષ, ઈર્ષા, અહમ્ કે આગ્રહોને અન્ય પર ઠોકી બેસાડવાની ભાવના અન્તરાયરૂપ થતાં રહેતાં હોય છે. એવી જ કોઈક સંકુચિત મનોવૃત્તિઓને પરિણામે અન્યના જીવનમાં માનવી કોઈ ને કોઈ આડખીલી ઊભી કરે છે, સંઘર્ષ ઊભો કરે છે ને માનવીનો સરળતાથી ચાલતો જીવન વ્યવહાર ખોટકાય ને ખોડંગાય છે.

માનવીના પેલા પૂર્વગત ઋણાનુબન્ધની સમજણ કેળવાય ને આવી સંકુચિત મનોવૃત્તિઓથી અળગા રહેવાય તો માનવી સમાજમાં, પોતાના જીવનમાં, કુટુંબમાં ને આસપાસના સમગ્ર વર્તુળમાં સુસ્થિત ને સુપ્રતિષ્ઠિત બનીને રહી શકે છે. એકની સંકુચિત મનોવૃત્તિઓ સાથે બીજાની પણ એવી જ સંકુચિત મનોવૃત્તિઓ ટકરાય તો જીવનમાં-સમાજમાં એક અન્તરાય-સંઘર્ષ સર્જાય એ સ્વાભાવિક છે, પણ સરળ ને સહજ, સાત્ત્વિક ને પવિત્ર મનોવૃત્તિઓ સાથે સંકુચિત મનોવૃત્તિઓ જ્યારે સામસામે અથડાય છે ત્યારે પણ એવો જ સંઘર્ષ-અન્તરાય સર્જાય છે.

આપણી ભારતભૂમિ પર વસતા લગભગ પ્રત્યેક સંતોએ, આપણાં શાસ્ત્રોએ પણ મનને નિર્મળ, પવિત્ર ને સાત્ત્વિક બનાવવાનો ને મનની સંકુચિતતાઓ, મલિનતાઓનો પરિહાર કરી ચિત્તને નિરભ્ર આકાશ જેવું સ્વચ્છ બનાવવાનો બોધ આપ્યો છે.

ભારતભૂમિના એવા જ પ્રખર સન્ત પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીના ઉપદેશનો આ ને આવો જ એક પ્રધાન સૂર રહ્યો છે કે, સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિથી, મા-બાળકનો સમ્બન્ધ કેળવી, વિધિવિધાનની બાહ્ય પળોજણોમાં પડયા વિના, ગાયત્રી-મહામંત્રની ત્રણ માળાને દૈનિક કાર્યક્રમમાં વણી લો. તેઓ વિશેષમાં જણાવે છે કે, અહમ્‌નો ત્યાગ કરો, બીજાના સુખે સુખી ને બીજાના દુઃખે દુઃખી, નિઃસ્વાર્થી બની, કોઈનો પણ વિશ્વાસઘાત કર્યા વિના, મન, વચન ને કર્મથી પવિત્ર રહીશું તો સુખ, સમૃદ્ધિ, શાંતિ, સ્વસ્થતા અને પ્રભુ હાથવગાં જ છે. આપણી સામે ને સાથે જ છે. પણ, આ અતિ દુષ્કર છે. એ મનુષ્યના સ્વભાવની લાક્ષણિકતાઓ છે ને મનુષ્ય તે છોડી શકતો નથી ને પોતે તેમ જ અન્યના પણ જીવનવ્યવહારમાં મુશ્કેલીઓ સર્જે છે ને નાહકના વખોડાય છે. મનુષ્ય જાતે રહીને શાને વખોડાતો હશે !

સામ્પ્રત સમયની તાસીર પ્રમાણે લગ્નોત્સુક વ્યક્તિને પોતાને મનપસંદ જીવનસાથી નક્કી કરવાનો સૌ પ્રથમ અધિકાર છે. ત્યારપછી એ અધિકાર માતા-પિતાને, પછી કુટુંબીઓને ને પછી સ્નેહીજનોને



Scanned by CamScanner

એ અધિકાર પ્રાપ્ત થાય છે. અલબત્ત, દરેક જણ પોતપોતાની લાગણીના તન્તુએ પોતાની નજરમાં હોય તે પાત્રયુવક-યુવતી પ્રત્યે અંગુલિનિર્દેશ કરે, પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તે ઈષ્ટ છે, આવશ્યક પણ છે, પણ આખરે તો ઉપર કહ્યું તેમ વ્યક્તિના ઋણાનુબન્ધે જ જે તે સ્થળે જોડાય છે, ત્યારે આસપાસના વર્તુળમાં કોઈ કચવાટ કે કડવાશ પેદા ન થવાં જોઈએ. પોતાની ઇચ્છા મુજબ પોતાના વર્તુળમાં જ આ વ્યક્તિ જોડાય એવો આગ્રહ સેવવાનું ઈષ્ટ નથી. પણ ઘણીવાર વ્યક્તિઓ એવા આગ્રહને પકડી રાખે છે, વશ વર્તીને ચાલે છે, ને સમ્બન્ધના વર્તુળની અનેક ત્રિજ્યાઓ એક પરિઘ પર જુદે જુદે સ્થાને એકત્ર થવાને બદલે આડીતેડી વંકાય છે ને વર્તુળની આકૃતિ એની સ્પષ્ટતા, સુરેખતા ને સરળતા ગુમાવી દે છે, તેવું જ સમ્બન્ધોના વર્તુળમાં પણ થાય છે. એમાં ઉપર જણાવ્યા પ્રમાણેની સંકુચિતતાઓ જ કારણભૂત બની રહે છે.

આપણે સૌ પોતપોતાને ઈષ્ટ એવા પરમતત્ત્વની, મા ગાયત્રીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારીએ ને સાથે આવી સંકુચિતતાઓ આપણા અસ્તિત્વને ન અડે, અન્યની સંકુચિતતાઓ વડે આપણો જીવન-વ્યવહાર, આપણાં કાર્યો ન ખોરવાય એવી અન્તરની પ્રાર્થના પરમ કૃપાળુ પરમાત્માને, વેદજનની ગાયત્રીને કરીએ, જેથી એની પરમ શક્તિના કવચ હેઠળ આપણું રક્ષણ કરી આપણો જીવનવ્યવહાર-આપણું અસ્તિત્વ ઉજ્જવળ ને ઉન્નત બનાવે, એ માટે પરમાત્માની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારવી જ ઉચિત ને ઈષ્ટ છે, એટલું જ નહીં, કોઈ સન્તનું-ગુરુનું સાન્નિધ્ય, સંગ, આશિષ ને પ્રેરણા પણ એટલાં જ ઉપકારક નીવડી રહે છે.

એક દંપતીએ વર્ણવેલ પ્રસંગ આવા જ રહસ્યને સ્ફુટ કરી આપે છે. તેમણે જણાવ્યું હતું કે,

'શ્રી માની કૃપાના તથા ગુરુદેવના આશીર્વાદની જે પરંપરા સર્જાઈ તેની યશોગાથા અમને આવડે એવી ભાષામાં આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આદિથી તે અંત સુધી સબાહ્યાન્તઃકરણ જે દિવ્ય આનંદની અનુભૂતિ થઈ એ એની સીધી ફલશ્રુતિ છે.

દીકરી, અને તે પણ લાડકોડથી ઉછેરેલું એકનું એક બાળક – તેનાં લગ્ન વિશેની સ્વભાવિક ચિંતા કોઈપણ માબાપને થાય એવી રીતે અમને પણ થતી હતી. વડનગરા નાગર જ્ઞાતિમાં ભણેલા, સંસ્કારી અને સરખી રીતે સ્થિતિસંપન્ન પાત્રોની અછત તો ન જ હોય. અમે પૂ. ગુરુદેવને એ અંગે પ્રાર્થના કરી અને સસ્મિત વદને તેમણે કહ્યું હતું કે 'બધું શ્રી માને સોંપી દો. એ બધું જ સારી રીતે પાર પાડશે.'

પૂ. ગુરુદેવનાં વચનોમાં શ્રદ્ધા રાખી અમે એક-બે સારે ઠેકાણે પ્રસ્તાવ મૂકયા પણ ઋણાનુબન્ધ બીજી રીતે ગોઠવાયાં હશે અને માની અસીમ કૃપા નવનવીન રીતે અનુભવવાની હશે તેથી તે પ્રસ્તાવો આગળ ન ચાલ્યા. થોડી નિરાશા આવી. કારણ ભણેલી, ગુણવાન, દેખાવડી અને લાડકી એકની એક દીકરીને ગમે ત્યાં જોડવાની ઇચ્છા નહોતી. કેટલાંક સગાંઓએ પોતાને અનુકૂળ પાત્રો સૂચવ્યાં, જે અમને અનુરૂપ ન લાગ્યાં. પુનઃ માનું સ્મરણ કરી શ્રી ગુરુદેવનાં વચનો યાદ કરી શુદ્ધ શરણાગતિને ભાવે નિશ્ચિંત થવા પ્રયત્ન કર્યો અને નિરાશા ખંખેરી નાંખી.

એક દિવસ પૂજા દરમ્યાન અમને એકી સાથે એક સત્પાત્રનો વિચાર આવ્યો, જેનું કુટુંબ અમને સુપરિચિત હતું, જે લોકો સંસ્કારી અને વિદ્વાન હતા. ફક્ત એટલું જ કે તેઓ વૈષ્ણવ વાણિયા હતા. જ્ઞાત્યંતરને અમે બહુ મહત્ત્વ ન આપવા જેટલું ખુલ્લું માનસ-forward outlook-તો કેળવેલું જ હતું. એટલે શ્રી માનું નામ લઈ, અહો અનુકૂળ હોય તો આ બાબતમાં વિચારવું એવું નક્કી કરી એ



Scanned by CamScanner

મુજબ પ્રસ્તાવ મૂકયો. શ્રી માની કૃપા અને શ્રી ગુરુદેવના આશીર્વાદની શી વાત કરવી! જન્મપત્રિકા મળતી આવી અને વર્ષોથી એકબીજાને સુપરિચિત હોવા છતાં સ્વપ્ને પણ કદી કલ્પ્યુ ન હતું એ વાત સાકાર બની અને દીકરીના વિવાહ એ સદ્ગુણી વિદ્વાન ડૉકટર યુવક સાથે કરવાનું નક્કી કર્યું.

એ પછી દીકરીના મોસાળ પક્ષને વાત કરી તો એક જબરદસ્ત વિરોધ થયો. તેમણે અમારી સાથેના સંબંધો સંપૂર્ણ રીતે કાપી નાખ્યા અને વિવાહનો બહિષ્કાર કર્યો! પૂ. ગુરુજીને વાત કરી તો એમણે સસ્મિત વદને કહ્યું કે, 'શ્રી માની કૃપામાં વિશ્વાસ રાખો, બધું જ સારી રીતે પતી જશે અને સહુ આવશે.'

'સહુ આવશે' એ તો કલ્પના બહારની વાત હતી! કારણ વિવાહ પછીનાં બરાબર બે વર્ષ – ૩૦ જાન્યુ. '૮૨ ને વસંતપંચમીએ સગાઈ કરી અને ૭ ફેબ્રુ. '૮૪ની વસંતપંચમીએ લગ્ન લીધાં – એ બે વર્ષ દરમ્યાન વિરોધીઓએ પોતાની તમામ તાકાત કામે લગાડી દીધી. પણ જેને માનું રક્ષણ અને ગુરુદેવના આશીર્વાદ સાંપડયા છે એનું કોણ બગાડી શકે! પૂ. ગુરુદેવ પાસે અવારનવાર નિરાશાના ભાર નીચે દોડી જતાં ત્યારે તેઓ એ જ સસ્મિત વદન સાથે કહેતા હતા, 'બધું સારું થઈ જશે. બધાં આવશે!' — અમે તો એ શ્રદ્ધાથી જ આગળ વધતાં રહ્યાં.

લગ્નનો દિવસ નક્કી કર્યો અને યથાશક્તિ તૈયારી કરવા માંડી. દીકરીના મોસાળને બાદ કરતાં બાકીનાં બધાં જ સગાવહાલાં તો પહેલેથી જ શ્રી માને પક્ષે રહીને અમને સાથ આપતાં જ હતાં. સવાલ દીકરીના મોસાળનો હતો. અમે પૂ. ગુરુદેવના આદેશ પ્રમાણે બધાંને – દીકરીના મોસાળમાં પણ – નિમંત્રણ આપી આવ્યાં અને અમે સામાન્ય સંસારીઓ હોવાથી કયારેક કોઈ સાથે રાગદ્વેષ કેળવ્યો હતો તે ભૂલીને આ પ્રસંગ અમારો જ નહિ પણ શ્રી માનો–શ્રી ગુરુદેવનો છે એવી ભાવનાથી દરેકને શ્રી માને પ્રસંગે પધારવા હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવ્યાં. હૃદય નિર્મળ બન્યું અને આથી અવારનવાર દિવ્ય આનંદનો અનુભવ થવા માંડયો. ચારે બાજુથી સાથ, સહકાર પ્રાપ્ત થવા માંડયો.

પૂ. શ્રી ગુરુદેવની આજ્ઞા પ્રમાણે આખા પ્રસંગનું સંચાલન બાળકભાવે શ્રી માને સોંપી દીધું હતું અને એ દિવ્યચેતનાના પ્રભાવનો અનુભવ પ્રતિક્ષણ થતો રહ્યો. રવિવારે રાત્રે ગરબાના કાર્યક્રમથી જ એ અનુભવોની પરંપરા શરૂ થઈ. આખો દિવસ પવન જોરથી ફૂંકાતો હતો અને ફૂલની માળાઓ પણ ઊડી જતી હતી પણ ગરબા શરૂ થયા તે પહેલાં જ ચમત્કારિક રીતે પવન થંભી ગયો અને છેક મોડી રાત સુધી ગુરુદેવના અને શ્રી માના ફોટા સમક્ષ પ્રગટાવેલી દિવ્ય જ્યોત અખંડ રહીને પ્રકાશ પાથરતી રહી. એ માનો શુદ્ધ કૃપાપ્રસાદ જ હતો! સખત પવનમાં શ્રી મા અને ગુરુદેવની છબી આગળ દીપ કેવી રીતે ટકશે એની ચિંતા હતી, પણ જ્યાં વચ્ચોવચ્ચ પટાંગણમાં શ્રી મા અને શ્રી ગુરુદેવની છબી મૂકી ત્યાં જ, પ્રકૃતિ પણ એમને વશ છે એ વિગતનો પ્રત્યક્ષ પરચો આપવા જાણે પવન થંભી ગયો. સાત દીવાની જ્યોત પ્રગટી અને રાતના ૯ થી ૧૧ાા વાગ્યા સુધી સ્થિર કૃપા–પ્રકાશ પથરાયો અને માની દિવ્યચેતના પ્રગટી ઊઠી. અનન્ય આનન્દ અને દિવ્ય કૃપાના અનુભવો થતા રહ્યા. વારાણસીથી એક જગદ્વંદ્ય વિદ્વાન પ્રોફેસર જે બીજે દિવસે આવવાના હતા તે તે દિવસે સાંજે પધારી ગયા. એમની ઉપસ્થિતિમાં પણ શ્રી માની કૃપાનો દિવ્યસંકેત જોવા મળ્યો.

બીજે દિવસે વાનાં–પીઠીના કાર્યક્રમમાં જેમણે ઘરનો ઉંબરો બે–બે વર્ષથી છોડયો હતો તે દીકરીના નાના મામા–મામી આવી ગયાં. બાકી રહ્યા ફક્ત મોટા મામા અને એમનાં કુટુંબીઓ. ગુરુદેવની કૃપાની શી વાત કરવી! કે લગ્નને દિવસે ૧૧ વાગ્યે વરઘોડો ચડવાનો હતો અને ૧૦ વાગ્યે સમાચાર



Scanned by CamScanner

મળ્યા કે મુંબઈથી મોટા મામા હૉલ ઉપર આવી પહોંચ્યા છે, મોસાળું લઈ ને! ધન્ય ગુરુદેવ! ધન્ય! મા! અમારા જેવા નિર્ગુણ ઉપર આવી અકલ્પ્ય કૃપા વરસે તે વિચારી પણ શકાય તેવું ન હતું. અમે મામાને સન્માનીને પહેલાં ઘેર તેડી લાવ્યા અને પછી બધાં હૉલ ઉપર ગયાં. તે વખતે કન્યા તૈયાર થવા ગઈ હતી ને ત્યાંથી સીધી હૉલ ઉપર પહોંચવાની હતી. એ પણ 'નીલોષા' ઉપર (પૂ. ગુરુદેવની મુલાકાતના સ્થળે) શ્રી માનાં દર્શન કરીને આવી. પૂ. ગુરુદેવનું વાક્ય, 'બધાં આવશે. બધું સારી રીતે પાર પડશે' – એ અક્ષરશઃ ચરિતાર્થ થયું.

લગ્નને દિવસે કોઈ દિવ્ય ચેતનાએ જ જાણે આખા કાર્યક્રમનું સંચાલન પોતાને હસ્તક લઈ લીધું હતું. વ્યવસ્થા કેમ થશે, કોણ આવશે, કોને બોલાવીએ – એવી અનેક દ્વિધાઓ તો દુઃસ્વપ્નની માફક ભુલાઈ ગઈ લગભગ ૮૦૦ માણસોનો જમણવાર અને વૈદિક વિધિથી લગ્ન – બધું એવું વ્યવસ્થિત ચાલ્યું કે લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. કલ્પી ન શકાય તેવી સુવ્યવસ્થાથી વેવાઈ પક્ષ અને સહુ મહેમાનો અત્યંત પ્રસન્ન થયા. ગુરુદેવ, વારાણસી, મદ્રાસ, જોધપુર, ઉજ્જૈન વ. સ્થળેથી દેશ અને વિદેશમાં વિખ્યાત વિદ્વાનો પ્રત્યક્ષ ઉપસ્થિત થયા. વેદજ્ઞ વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે જાણે દિવ્યલોકમાં દિવ્યયુગલના વિવાહ પાર પડતા હોય તેવું દૃશ્ય સાકાર થયું. દેશના ઘણા ખૂણેથી અને પરદેશથી પણ શુભેચ્છા-સંદેશાઓ આવ્યા અને સૌથી મોટી વાત તો બની પૂ. ગુરુદેવની દિવ્ય ઉપસ્થિતિની.

સૌ. હર્ષાને સ્વપ્ન આવ્યું કે પૂ. ગુરુદેવ લગ્નમાં આશીર્વાદ આપવા અચાનક આવી ગયા અને પોતે કોઈ તૈયારી પણ કરી શકી નહિ. અને સ્વપ્નની વાત પ્રમાણે બન્યું પણ એમ જ. પૂ. ગુરુદેવે પૂર્વસંમતિ આપી હતી કે તેઓ પ્રત્યક્ષ પધારી નવયુગલને આશીર્વાદ આપશે. એમના સ્વાગત માટે યથામતિ વ્યવસ્થા પણ વિચારી હતી. પણ જે વ્યક્તિઓને હૉલના પ્રવેશદ્વાર આગળ પૂ. ગુરુદેવને સત્કારવા રાખી હતી તે તો ગુરુદેવ પધાર્યા ત્યારે પ્રણામ કરવામાં જ વ્યસ્ત રહી ગઈ. શ્રી ગુરુદેવ તો સીધા જ અંદર આવી ગયા. સૌ. હર્ષાની સ્થિતિ આનંદના અતિરેકમાં અવર્ણ્ય બની ગઈ, ન પૂ. ગુરુદેવને કંઈ પ્રસાદ લેવાનું કહી શકાયું કે ન કંઈ વાત થઈ શકી. થોડો સૂકો મેવો ધર્યો તેના ઉપર પૂ. ગુરુદેવે પોતાનો હાથ ધર્યો અને ગુલાબની પાંદડી પથરાઈ ગઈ. દિવ્ય સુગંધ પ્રકટી અને બરાબર એ જ ક્ષણે તેઓ ઉપસ્થિત થયા, જ્યારે નવયુગલ ચૉરીના ચાર મંગળફેરા પૂર્ણ કરી ચૂકયું હતું. એટલે પહેલાં નીચે ઊતરીને શ્રી ગુરુદેવનાં ચરણોમાં તેમણે પ્રણામ કર્યા અને શ્રી માના – શ્રી ગુરુદેવ અને પૂ. બહેનના આશીર્વાદ સીધા જ સહુ પ્રથમ દીકરી અને જમાઈને પ્રાપ્ત થયા. સૌ. હર્ષાને સ્વપ્નમાં જે વાતનું સૂચન થયું હતું તેમ જ અચાનક ગુરુદેવ પધારી ગયાં અને હૃદયના ભાવ સિવાય ધરવાનું કશું જ જાણે સૂઝયું નહીં. શ્રી રામચંદ્રજીના પધારવાથી શબરી માતાને જે અનુભવ થયો હશે એ જ અનુભવ સૌ. હર્ષાને થયો!

લગ્નને ત્રીજે દિવસે વિરોધ કરનારા કન્યાના મામાના બે દીકરાઓ, જે લગ્નમાં ગામમાં હતા છતાં નહોતા આવ્યા, તેમણે સામે ચાલીને ફોન કરીને કન્યાને સાસરે જઈ તેને અભિનંદન આપ્યા અને મોં મીઠું કર્યું. ગુરુજીની કૃપાથી જનમભરની કડવાશ મીઠાશમાં પરિણમી. અમારા હૃદયમાં પ્રગટેલી આ નિર્મળતા, આ રાગદ્વેષને આપેલી તિલાંજલિ કાયમ રહે અને શ્રી મા-શ્રી ગુરુદેવની કૃપામાં સદા ન્હાયા કરીએ એ જ પ્રાર્થના છે. દીકરી-જમાઈ ઉપર તો માની નિઃસીમ કૃપા રહેશે જ એવો પૂર્ણ વિશ્વાસ છે. ટૂંકમાં આ શ્રી મા-શ્રી ગુરુદેવની કૃપાનો જ વિજય છે.

☐



Scanned by CamScanner

# ઉપાસનાના સરળ માર્ગે....

વિજ્ઞાનનું આધિપત્ય ભોગવતા સામ્પ્રત સમયમાં વિજ્ઞાન જેટલો જ રસ અને ચર્ચાનો વિષય બન્યો છે પરમતત્ત્વની-ઈશ્વરની-ઈષ્ટની ઉપાસનાનો વિષય. વિજ્ઞાનની જેમ ઈશ્વર-પરમતત્ત્વ અંગેની પણ હકારાત્મક કે નકારાત્મક ચર્ચાઓ સર્વત્ર થતી જોવા મળે છે. દરેક જણ પોતપોતાની માન્યતાને, આગ્રહને, માર્ગને, સાચો ને સારો ઠસાવવાનો પ્રયત્ન કરે છે. પોતપોતાને ઈષ્ટ એવા દેવ-દેવીને નજર સમક્ષ રાખી તેની ઉપાસનામાં, નામસ્મરણમાં, જપમાં વગેરેમાં પરોવાય છે. લગભગ મોટે ભાગે દરેક વ્યક્તિ વત્તે-ઓછે અંશે ઈશ્વરમાં-ઈશ્વરના એક યા અન્ય સ્વરૂપમાં શ્રદ્ધા સેવી રહી છે. ઉપાસના આદરી રહી છે ને એમ પોતાના જીવનયજ્ઞને પ્રજ્વલિત કરી રહી છે. પરન્તુ ઈશ્વરીય તત્ત્વને, ઉપાસનાને, ભક્તિને, નામસ્મરણ, જપ વગેરેને કેવળ ચર્ચાનો, વાદવિવાદનો, આ કેમ, તે કેમ, શું, શાથીના પ્રશ્નો ઊભા કરી વિતંડાવાદમાં માનવી સરી પડે છે ત્યારે મનને થોડું દુ:ખ થાય છે.

મારા સ્વાનુભવ પ્રમાણે, વેદજનની ગાયત્રીની કૃપા, પ્રેરણા ને આશીર્વાદથી હું એવા સ્પષ્ટ મન્તવ્ય પર આવ્યો છું કે સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિથી, નિષ્કામભાવે, શિશુભાવ કેળવી, કોઈ પણ ઈષ્ટ એવા પરમતત્ત્વની, દેવ-દેવીની ઉપાસના આદરીએ તો અચૂક તેની કૃપાના અધિકારી બની શકાય છે. મેં અનેક સ્થળે આ વાત વારંવાર કરી છે તેની વધુ વાગતમાં અત્રે નહીં ઊતરીએ.

કોઈ પણ મનુષ્ય, ઉપાસક તેના પૂર્વભવનાં સંચિત્ પુણ્યોના બળે ઉપાસનામાં પ્રવૃત્ત બને છે અને આગળ વધે છે. અનેકવિધ ભૌતિક તેમ જ આધ્યાત્મિક અનુભવો થાય છે, એને ચમત્કાર ન ગણતાં પરમતત્ત્વનો-માતાજીનો અનુગ્રહ માની નતમસ્તકે સ્વીકાર કરી, તે વેળાની જે લાગણીઓ, સ્પંદનો જાગે, તેને મનમાં જ રહેવા દઈ, સંયમી બની, આપણી ઉપાસનાના લયને સૂરીલો ને અતૂટ બનાવીએ અને શ્રદ્ધાને દઢીભૂત કરીએ. જરૂર પડે ત્યાં કોઈક સિદ્ધપુરુષ, સન્ત કે ગુરુનું માર્ગદર્શન પણ મેળવીએ, પણ પરમતત્ત્વ તરફથી અનુગ્રહના જે કોઈ અનુભવો થાય તેને તળપદી ભાષામાં કહીએ તો ચોળી ચોળીને ચીકણા ન કરીએ. આપણા મનોવ્યપારો એ અનુભવોની આસપાસ જ રમમાણ બની રહે એ ઉચિત નથી. કારણ ઉપાસનાનું-પરમતત્ત્વનું ક્ષેત્ર તો અતિ અગાધ ને અસીમ છે. જન્મોજન્મ એને ખૂંદતા રહીશું તો ય એનો પાર પામી શકવાના નથી. આપણું ધ્યેય તો એ ક્ષેત્રમાં આગળ ને આગળ વધતા રહેવાનું છે.

મા ગાયત્રીની પ્રેરણાથી હું હંમેશ કહેતો રહ્યો છું કે, ઉપાસના માટે, ભક્તિ માટે વિધિવિધાનની અનિવાર્ય આવશ્યકતા નથી. જેને સમજ હોય તે ભલે કરે, પણ બાહ્ય પળોજણોના વળગણમાં મૂળભૂત વસ્તુ-પરમતત્ત્વ-ઉપાસ્યતત્ત્વ માટેનાં પ્રેમ અને લગની વિસરાઈ જાય છે, જે આપણે માટે ચિરસ્મરણીય બની રહેવાં જોઈએ.

ઘણા ન્યાસ-પ્રાણાયામ વગેરે કરતા હોય છે. સૂઝ-આવડત હોય તે ભલે કરે, એથી કોઈ જ નુકસાન નથી. પ્રાણાયામ એ શ્વાસોચ્છ્વાસની જ એક પ્રક્રિયા છે.

વિધિવિધાન વિના કે વિધિવિધાન સહિત જ્યારે માતાજીની કે પોતાના કોઈ પણ ઇષ્ટની ઉપાસના કરતાં આગળ વધતાં અનેકવિધ અનુભવો થાય છે, દા. ત. તાળવામાં દબાણ લાગવું, શરીર અદ્ધર થઈ



Scanned by CamScanner

જવું, અક્કડ થઈ જવું, કમ્મરની નીચેનો ભાગ ગરમ થઈ જવો, આખા શરીરમાં ગરમી પેદા થવી, એવા જાતજાતના અનેક અનુભવો થાય છે, એ કેમ થાય છે, શા માટે થાય છે, એથી શું નુકસાન-ફાયદાના પ્રશ્નો આપણા મનમાં ઉદ્‌ભવવા ન જોઈએ. કારણ એ ઉપાસનાના અનુભવો છે. ઉપાસકની પ્રગતિનો નિર્દેશ કરે છે.

એટલું જ નહીં, જાતજાતનાં દૃશ્યો પણ દેખાય છે. દેવદેવીઓનાં દર્શન પણ થાય છે ને પ્રકાશપુંજ પણ દેખાય છે. આ પણ ઉપાસકની પ્રગતિનાં જ એંધાણ દર્શાવે છે. ઉપાસનાના અનુભવોનું કોઈ ચોક્કસ ધોરણ નથી, કક્ષા નથી, એના કોઈ સિદ્ધાંતો નથી, કે જેને આધારે અમુક બાબત સિદ્ધ કરી શકાય કે આવા અનુભવો થાય તે પ્રથમ કક્ષાના કહેવાય, તેવા અનુભવો થાય તે દ્વિતીય કક્ષાના કે નીચલી કોટિના કહેવાય, આવા-તેવા અનુભવોથી ઉપાસકની પ્રગતિ કે અધોગતિ દર્શાવાય એવું કાંઈ નથી. પરમતત્ત્વના અસીમ ને અનન્ત વિસ્તારમાંથી તેની કૃપાથી, ઇચ્છાથી જે સમયે જે આવ્યુ તે સાચું.

વળી પ્રકાશપુંજનાં દર્શન સાધક માટે બહુ સારાં શુકન વર્તાવે છે. પ્રકાશપુંજ એ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મનું દ્યોતક છે. પરમાત્માનું સ્વરૂપ છે. એ પ્રકાશપુંજની પાછળ સાકાર-સગુણ બ્રહ્મ રહેલું છે. એમાંથી જ મનુષ્યનાં દેહધારી દેવ-દેવીઓ સાક્ષાત્ પ્રગટ થઈને ઉપાસકને દર્શન કરાવીને કૃતાર્થ ને ધન્ય બનાવે છે. પ્રકાશપુંજનાં દર્શન સાધકને આનન્દપર્યવસાયી (આનન્દ આપનાર) બની રહેવાને બદલે પ્રકાશપુંજનાં દર્શન થયાં તે સારું કે ખોટું, પ્રગતિ કે અધોગતિ જેવા સન્દેહો મનમાં ઉપસ્થિત કરીને પરમતત્ત્વ તરફથી પ્રાપ્ત થતા અનુગ્રહને આવકારવાને બદલે આપણે જાતે રહીને જ તેને અવરોધીએ છીએ ને પછી પ્રભુને નાહકના દોષિત ઠેરવીએ છીએ તે ઉચિત સ્થિતિ નથી.

પરમાત્મા તો ખૂબ કૃપાળુ છે. ભક્તવત્સલ છે. એને વરસતાં કદી વાર નથી લાગતી, પણ એની કૃપા-આશિષના વરસાદને પણ આપણે નાહકના સંદેહથી મૂલવવાનો યત્ન કરીએ છીએ ને સંશયાત્મા વિનશ્યતિ એમ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને સ્વયં કહ્યું જ છે.

દરેક વ્યક્તિ પોતપોતાને ઈષ્ટ એવા સ્વરૂપની ઉપાસના કરી શકે છે. પરમાત્મા તો એક જ છે. જુદે જુદે સમયે જુદે જુદે રૂપે પ્રગટ થયા, તેથી તેનાં જુદાં જુદાં નામ પડ્યાં. શક્તિ ઉપાસના કરો તો યે શક્તિ તો એક જ ને એનાં પણ એ જ રીતે જુદાં જુદાં નામ છે. કયા સ્વરૂપને ઉપાસવા તે દરેકની પોતાની પસંદગીનો સવાલ છે.

મેં અગાઉ પણ કહ્યું જ છે કે, ગાયત્રી-મહામંત્રની સાથે પણ અન્ય દેવ-દેવીના મન્ત્રોના જપ કે સ્તોત્રપઠન થઈ શકે છે. એ દરેક દરેકની રુચિ ને પસંદગીનો સવાલ છે. એથી કોઈ જ નુકસાન નથો. ચતું હકીકતે તો ચિત્ત પરમતત્ત્વના એક યા અન્ય સ્વરૂપનું સતત મનન-ચિન્તન કરે છે. એના સ્મરણમાં લીન બને છે. જુદા જુદા દેવ-દેવીઓના મંત્ર જપવાથી આપણી શ્રદ્ધાને કોઈ આંચ નથી આવતી. ઉલટી શ્રદ્ધા વધુ દૃઢ થાય છે-થવી જ જોઈએ. અલબત્ત આપણી ભાવના નિષ્કામ હોય! ગાયત્રી મહામંત્રના જપ સાથે અન્ય દેવ-દેવીઓના સ્તોત્રો-મંત્રો જપવાથી આપણી ઉપાસનાનો લય કંઈ અવરોધાતો નથી. એક બ્રહ્મ અનેક થઈ જતા નથી. સરવાળે બ્રહ્મના અનેક સ્વરૂપને ઉપાસવાથી તો આપણે એ દ્વારા બ્રહ્મની વધુ ને વધુ સંનિકટ જવાનો માનસિક ઉપચાર કરીએ છીએ. જ્યારે આપણો હેતુ કેવળ ઉપાસનાનો હોય, અન્ય કોઈ જ ભૌતિક કે આધ્યાત્મિક અપેક્ષાઓ ન હોય તો પછી આપણે માટે બ્રહ્મ એક કે અનેક કે અનેક કે એક દ્વારા પરબ્રહ્મમાં શ્રદ્ધા દૃઢ થાય છે કે નથી થતી



Scanned by CamScanner

તેવા પ્રશ્નો કે સન્દેહો ઉદ્‌ભવવા ન જોઈએ. બ્રહ્મ એક જ છે, એના સ્વરૂપ અનેક છે. એ અનેક સ્વરૂપને ઉપાસવાથી એ અનેક સ્વરૂપને જોવા-જાણવા-સમજવા અને અનુભવવાનો પ્રયત્ન કરીએ છીએ. એની અગાધતાને ખૂંદવાનો પ્રયાસ કરીએ છીએ. આપણને એ અનેક સ્વરૂપમાં રસ છે ને તેથી જ તેને ઉપાસીએ છીએ. આપણી ભાવના, શ્રદ્ધા, શરણાગતિ સરવાળે એક જ બ્રહ્મમાં લય પામે છે, પ્રતિષ્ઠિત થાય છે:

આકાશાત્ પતિતં તોયં યથા ગચ્છતિ સાગરમ્ ।
સર્વદેવ નમસ્કારઃ કેશવં પ્રતિ ગચ્છતિ ।।

આકાશમાંથી પડેલું પાણી જેમ સાગરમાં જાય છે, તેવી રીતે સર્વ દેવોને કરેલા નમસ્કાર એક માત્ર કેશવને-પ્રભુને-પરમાત્માને-પરબ્રહ્મને પહોંચે છે.

આપણું ધ્યેય પરબ્રહ્મની સમીપ પહોંચવાનું છે, પરબ્રહ્મનો સક્ષાત્કાર કરવાનું છે. આપણે કેવળ આપણી શ્રદ્ધા ને શરણાગતિને જ દઢીભૂત કરતા રહેવાનું છે.

પણ, ઉપાસના કરતાં કરતાં આપણા મનોવ્યાપારો આ રીતે થોડાં વંકાતા લાગે છે. કયા સ્વરૂપને ભજીએ, તો જલ્દી પ્રસન્ન થાય, કયો મંત્ર જપીએ તો જલ્દી સિદ્ધિ પ્રાપ્ત થાય, આ અમુક પ્રકારે, તે અમુક રીતે કરવું જોઈએ, એમાં પણ સારું-ખોટું-યોગ્ય-અયોગ્યના સંદેહો-ભીતિ વગેરેની બાહ્ય પળોજણમાં જ આપણે અટવાયા કરીએ છીએ. આપણે આપણા ગન્તવ્યસ્થાને પહોંચવા માટે સીધા માર્ગે જવાને બદલે ગલીકૂંચીઓ પસંદ કરીએ છીએ. બરાબર છે, ભલે ગલીકૂંચી પસંદ કરી, હવે એ રસ્તે પણ આગળ વધતાં રહેવાને બદલે અડધે પહોંચીએ ન પહોંચીએ ત્યાં તો આપણને સંદેહ થાય છે કે જલ્દી પહોંચાશે કે નહિ પહોંચાય, કઈ બાજુથી જવું તે નક્કી કરી શકતા નથી. અડધે અટકી જઈએ છીએ, પાછાં ફરીએ છીએ, વળી બીજો, ત્રીજો એમ ફાંટાઓમાં ગોળ ગોળ ઘૂમ્યા કરીએ છીએ. પરિણામે આપણું ધ્યેય-ગન્તવ્યસ્થાન અતિ દૂર લાગે છે, વેગળું-છેટું રહે છે. એક પ્રકારની માનસિક તાણ પણ અનુભવાય છે ને ગોળ ઘૂમતા ચક્રમાંથી આપણે બહાર નીકળી શકતાં નથી. અંતે તો આ સ્થિતિ ઉપાસકની માનસિક નિર્બળતાની જ દ્યોતક છે.

જેમ જીવનવ્યવહારમાં નિષ્ઠા, ધીરજ, હિંમત, આત્મબળ ને નિર્ણયશક્તિ જરૂરી છે, તેમ ઉપાસનાના ક્ષેત્રમાં પણ એ એટલાં જ જરૂરી છે. કઈ તરફ કેવી રીતે જવું તે અંગે સ્પષ્ટ નિર્ણય કરવાનો છે. ધીરજ ને હિંમતથી નિષ્ઠાપૂર્વક આપણા પ્રયત્નો ચાલુ રાખવાના છે. એ સાથે જ સ્વસ્થ જીવનવ્યવહાર ને નિર્મળ સંસાર પણ એટલાં જ આવશ્યક છે. મારું તો સ્પષ્ટ ને દઢ મન્તવ્ય છે કે મન, વચન ને કર્મથી પવિત્ર રહીશું તો જરૂર આપણા ભૌતિક ને આધ્યાત્મિક જીવનમાં આગળ વધતાં રહીશું. જમીન જેટલી ફળદ્રુપ હશે એટલાં એના પર ફળ વહેલાં આવશે. આપણે જીવનભોમકાને પ્રભુ પ્રત્યેનાં પ્રેમ અને લગનીથી સીંચતાં રહીએ તો ઈશ્વરના અનુગ્રહનાં ફળ વહેલાં ચાખવા મળશે.

ખેડૂતે જમીનમાં બી વાવીને તેના ઊગવાની પ્રતીક્ષા કરવી પડે છે. ખેડૂત ઊગવાની પ્રક્રિયાને મૌન બની જોયા કરે છે, એની માવજત કર્યા કરે છે ને કુદરતના અનન્ત આકાશ તરફ મીંટ માંડીને બેસી રહે છે. પરમતત્ત્વના ક્ષેત્રના ખેડનાર આપણે સૌ ખેડૂતો છીએ. પરમાત્માની ભૂમિ પર આપણી શ્રદ્ધાનાં, શરણાગતિનાં, ભક્તિનાં બી રોપીને એના ફળવાની પ્રક્રિયાને મૌન બની નિરપેક્ષ ભાવે નિરખ્યા કરીએ, પ્રતીક્ષા કરીએ ને ખેડૂતની જેમ શ્રદ્ધા અને શરણાગતિનાં બીની માવજત કર્યા કરીએ તો સમય આવ્યે એનાં સુફળ ચાખવા મળવાનાં જ છે.



Scanned by CamScanner

દરેક મનુષ્યને–ઉપાસકને ઈશ્વરનાં દર્શન કરવાં છે. એ આકાંક્ષા બહુ સ્વાભાવિક છે. પણ ભક્તિનાં દાન કરીને તરત જ પ્રભુ મેળવી લેવાં છે, પણ એમ કંઈ ઈશ્વરનાં દર્શન થાય? સન્ત પાસે, ગુરુ પાસે ઘણા એવી અપેક્ષાએ જતા હોય છે કે ગુરુ મુઠ્ઠી ઊઘાડે ને પ્રભુદર્શન થાય પણ એ સન્ત કે ગુરુ જેટલી ગુણવત્તા–તપશ્ચર્યા આપણે પણ કેળવીએ તો?

પ્રભુના દર્શન કરવાનું કોઈ શાસ્ત્ર નથી. કોઈ વિધિવિધાન નથી. એ ઉપાસકના કેવળ મનોવ્યાપારની પરિણતિ છે. પ્રભુ પ્રત્યે પ્રેમ, લગની, ઉત્કટતા જેટલી હશે તેટલા પ્રભુની સમીપ પહોંચતાં જઈશું. નરસિંહ, મીરાં, રામકૃષ્ણના દાખલાઓ આપણી સામે મોજૂદ છે. તેમણે કોઈ પ્રાણાયામ નહોતા કર્યા, પ્રગતિ કે અધોગતિનો કદી કોઈ વિચાર સરખો કર્યો નહોતો. નરસિંહ–મીરાંનાં જીવન તો કેટલાં વિષમ હતાં તે આપણે સૌ જાણીએ છીએ, છતાં પ્રભુ મારા પર પ્રસન્ન નથી એવો કદી વિચાર તલભાર જેટલો પણ ઢૂંકયો નથી. રામકૃષ્ણને કાલિ માટેની કેટલી તીવ્ર ઉત્કટતા હતી, એનાથી ખેંચાઈ ને કાલિએ તેમને દર્શન દીધાં હતાં. આ ઉત્કટતાને કેળવવાનો સૌ સાધકોએ પ્રયાસ કરવો જોઈએ એમ મને લાગે છે.

બીજી એક મહત્ત્વની વાત એ લાગે છે કે ઉપાસના કરતાં કરતાં ઉપાસકને યત્કિંચિત અનુભવો થાય છે એથી સંતોષ માનવાને બદલે, ઈશ્વરનો અનુગ્રહ માનવાને બદલે આ દ્વારા કુંડલિની જાગૃતિ થાય છે કે નહિ, અથવા કુંડલિની જાગ્રતિ માટે હવે કેવી રીતે આગળ વધવું એના વમળમાં અટવાય છે. હું સ્પષ્ટપણે કહું છું કે કુંડલિની જાગ્રતિના મોહમાં પડશો નહિ. જે સમયે જે થવાનું હશે તે થશે. આપણે આપણા રસ્તે આગળ વધતાં રહીએ એ જ ઉચિત છે.

હું તો એટલે સુધી કહું છું કે, નિષ્કામ ભાવના એટલી હદ સુધી કેળવો કે મનમાં કોઈ પણ પ્રકારની ભૌતિક તો નહિ જ નહિ, પણ આધ્યાત્મિક અભીપ્સા, ઈશ્વરના દર્શનની પણ ઇચ્છા ન રહે ત્યારે તે ઉપાસના સાર્થક. ત્યારે તે ભક્તિ સાચી ભક્તિ કહેવાય.

ઉપાસના–ભક્તિ અનંત છે. એનો છેડો જન્મોજન્મ સુધી હાથમાં આવવાનો નથી. પણ જ્યારે જીવ પ્રભુની શરણાગતિ સ્વીકારી શ્રદ્ધાપૂર્વક ઉપાસના આદરે ત્યારે હું તો ભક્તિ કરું છું, પ્રભુને ઓળખીને ચાલુ છું એવો કર્તાપણાનો ભાવ પણ મનને અડવો ન જોઈએ એ એક સાત્ત્વિક અહમ્ છે, જે જીવને માટે બન્ધનકર્તા થાય છે. આપણે સ્વબળે કંઈ જ કરી શકતા નથી, કે કરી શકવાના પણ નથી. જે કંઈ કરીએ છીએ તે ઈશ્વરનું કરાવ્યું કરીએ છીએ. આપણી તો તેની આગળ (પ્રભુ આગળ) કોઈ હેસિયત નથી. આ ભાવ આંતરમનના ઊંડાણમાંથી ન ઉદ્ભવે ત્યાં સુધી આપણી શરણાગતિ શુદ્ધ અને સાત્ત્વિક ન કહેવાય. શુદ્ધ અને સાત્ત્વિક શરણાગતિનો આવિર્ભાવ અને સાત્ત્વિક અહમનો ત્યાગ એ કોઈ પણ મનુષ્ય–ઉપાસક માટે અનિવાર્ય આવશ્યક શરત છે. એને જેટલે અંશે અનુસરીશું ને અમલી બનાવીશું તેટલા આપણે પ્રભુપ્રેમના અધિકારી બની શકીશું. આપણે એવું જીવન જીવવાનો પ્રયાસ કરીએ ને જીવીએ કે ભગવાન દોડતા આપણી પાસે આવીને બાથ ભરી લે.

માને પોતાનું બાળક અતિશય વહાલું હોય જ છે. પોતાના બાળકની કેટલી સારસંભાળ મા લેતી હોય છે, માવજત કરતી હોય છે, બાળકની જરૂરિયાતોનો માને ખ્યાલ હોય જ છે. પોતાની બાળચેષ્ટાઓ દ્વારા બાળક માના વાત્સલ્યમાં વધારો કરતું રહે છે, પણ કયારેક એવું બને છે કે પોતાની મસ્તીમાં મસ્ત બનેલું બાળક માને વિસરીને પોતાની પ્રવૃત્તિઓમાં જ વ્યસ્ત બનીને રહે છે. ત્યારે મા બાળક માટે વ્યાકુળ બની જાય છે. આમતેમ રમતાં બાળકને મા શોધી કાઢે છે. છાનીમાની તેની સમીપ જાય છે ને તેને એકદમ આંચકી લઈને પોતાની ગોદમાં સમાવી લે છે ને ત્યારે બાળક કેવા



Scanned by CamScanner

આનન્દની કિકિયારી કરી ઊઠે છે. આપણા જીવનદાતા, વેદજનની આપણને આમ ઊંચકી લે એવી લાયકાત–યોગ્યતા કેળવીએ એ જ ઉચિત છે.

મારા પર અનેક ઉપાસકોના પત્રો આવે છે. તેમાં કંઈ ને કંઈ સવાલો પુછાતા હોય જ છે કે અમારા આ સવાલોના જવાબો 'આધ્યાત્મિક કેડી' દ્વારા આપો. વ્યક્તિગત રીતે તો હું કોઈને પત્રનો જવાબ આપતો નથી. ઉપાસકોને માર્ગદર્શન મળે એ હેતુથી 'જ્ઞાનગોષ્ઠિ'માં અનેક પ્રશ્નોના પ્રત્યુત્તરો આપીએ જ છીએ, પણ ક્યારેક કેટલાક પ્રશ્નો કેવળ ચર્ચા ને વાદવિવાદનો વિષય બની જતા લાગે છે તેથી હું એ ચર્ચામાં ઊતરવાનું ટાળું છું ને તેના સારાંશરૂપે આટલી વાતો માની પ્રેરણાથી રજૂ કરી છે. મને વિશ્વાસ છે કે દરેકને મૂંઝવતા પ્રશ્નોના જવાબો આમાંથી મળી રહેશે તેમ છતાં જરૂર પડયે અવશ્ય માર્ગદર્શન મેળવશો. હું તમને સર્વ રીતે માની પ્રેરણા, કૃપા–આશિષથી મદદ કરતો રહીશ.

સાથે સાથે મારું તો એટલું જ કહેવું છે કે, સમ્પૂર્ણ શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી, નિષ્કામ બની, શિશુભાવ, મા–બાળકનો સમ્બન્ધ કેળવી દરરોજ નિયમિત ત્રણ માળા ગાયત્રી-મહામંત્રની કરો. જુઓ અને અનુભવો. જે અનુભવ થાય તે માની કૃપાપ્રસાદી માની વિનમ્ર ને સંયમી બની માની ભક્તિ કરતા રહો. આગળ વધતા રહો. મારા આપ સૌને આશીર્વાદ છે.

□


પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

M. N. CHAMPANERIA
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

JANAK ENTERPRISE
1/29, NAVJIVAN CO-OPERATINE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008




Scanned by CamScanner

# સમાચાર

* તા. ૨૫-૫-'૮૫ થી તા. ૨૩-૬-'૮૫ સુધી પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યક્રમ હોઈ **'નિલોષા'** પર મુલાકાત બંધ રહેશે.
* તા. ૨-૭-'૮૫ મંગળવારે ગુરુપૂર્ણિમા છે. પૂજ્ય ગુરુદેવ **સવારના ૧૦ થી સાંજે ૫ વાગ્યા** સુધી નીચેના સરનામે દર્શનાર્થે મળી શકશે :

**મેદ્રન પરીખનો બંગલો,**
સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ-૧૬.

* પૂજ્ય ગુરુદેવનું નવું નિવાસસ્થાન :

**"શ્રદ્ધા", દુર્ગાફ્લેટ્સની બાજુમાં,**
**વસ્ત્રાપુર, અમદાવાદ. ટે. નં. ૪૦૪૨૧૨**

આ નવા નિવાસસ્થાને સમય ન હોવાને કારણે મુલાકાત આપતા નથી.

* સીવીલ હોસ્પીટલ-કુટીરમાં પૂજ્ય ગુરુદેવ નીચેના સમયે બિરાજે છે :

સોમથી શુક્રવાર સુધી : **સાંજના** ૫-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી
શનિ, રવિ અને જાહેર રજાના દિવસે : સવારે : **૧૧** થી **૧** વાગ્યા સુધી
સાંજે **૫-૩૦** થી **૭-૦૦** વાગ્યા સુધી

* ૧૯૮૫ નું આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો.


શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર


## ડોકટર જયંત ફેબ્રીકસ

એમ્બર્ગ જયોર્જેટ બનાવનાર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૭/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧


Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોષા**' બંગલો,<br>
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,<br>
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,<br>
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

☐

Scanned by CamScanner